ॐ

तत्सत्परमात्मने नमः

આણંદ તાલુકાના શ્રીકરમસદ મુકામે શાસ્ત્રાર્થ સંબંધે

श्री वेद सनातन धर्मीओ

અને

आर्यसमाजीओ

વચ્ચે થએલો

पत्रव्यवहार.

પ્રસિદ્ધ કરનાર.

ब्रह्ममडळ तरफथी

જ્યેષ્ઠારામ બાપુજી પાઠક.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—કરમસદ.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા શ્રી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

કિંમત દોઢ આનો.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૭૩૫ वर्गांक

पुस्तकनुं नाम ચાર સનાતન ધર્મો

विषय ૫૨-૨૬૮૭૫

ॐ

तत्सत्परमात्मने नमः

નંદ તાલુકાના શ્રી કરમસદ મુકામે શાસ્ત્રાર્થ સંબંધે

श्री वेद सनातन धर्मीओ

અને

आर्यसमाजीओ

વચ્ચે થએલો

पत्रव्यवहार.

પ્રસિદ્ધ કરનાર.

ब्रह्ममंडळ तरफथी

જ્યેષ્ઠારામ બાપુજી પાઠક.

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ—કરમસદ

સંવત ૧૯૭૧ સને ૧૯૧૪

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુલેભદાસે છાપી.

કિંમત દોઢ આનો.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાત કોપીરાઈટ-સંગ્રહ

૫૪૩૫

ॐ

तत्सत्परमात्मने नमः

श्रीवेदसनातनधर्मीओ

અને

आर्यसमाजीओ

વચ્ચે થએલો

पत्रव्यवहार.

आरंभ

अमृतं किराति हिमांशु विषमेव फणी समुद्गिरति
गुणमेव वक्ति साधु र्दोषमसाधुः प्रकाशयाति

ભાવાર્થ—જેમ ચંદ્રમાં અમૃતજ વર્ષાવે છે તેમ સાધુઓ ગુણુનેજ કહે છે; અને સર્પ વિષ વૃષ્ટિ કરે છે તદ્વત્ દુર્જનો દોષનેજ આગળ કરે છે-પ્રકાશે છે!

આણંદ તાલુકાના **કરમસદ** નામે ગ્રામમાં, ત્યાંના મૂળ રહિશ પરંતુ ઉદ્યમાર્થે સાંપ્રત સમયમાં આફ્રિકામાં વસતા, **રા. ગોવિંદભાઈ નાથાભાઈ** તથા **રા. ઉમેદભાઇ નારણભાઈ** હાલમાં રજાપર આવેલા. તેમણે અમદાવાદથી પ્રસિદ્ધ થતું "**સનાતન ધર્મની ગર્જના**" નામે માસિક મગાવવા તેના વ્યવસ્થાપક તરફ પત્ર લખ્યો. પત્રના લખાણપરથી તંત્રીને સમજાયું કે પત્ર લખનાર જિજ્ઞાસુ છે તે ઉપરથી ઉક્ત મહાનુભાવને સૂચના કરી કે **કરમસદમાં** વસતા ધર્મ જિજ્ઞાસુઓની ઇચ્છા હોય તો અમારી ભજનમંડળીસહ ત્યાં આવી **સનાતનધર્મના** પ્રચાર માટે યથાશક્તિ પ્રવૃત્તિ કરીએ. આ વાત **રા. ગોવિંદભાઇ** તથા **રા. ઉમેદભાઇને** રૂચિકર લાગી ભજનમંડળી સનાતની છે કે કેમ? તેની તપાસ કરવા તેઓ **ભક્ત ગોવિંદભાઈ લખાભાઈ** પાસે ગયા હકીકત જાણ્યા બાદ ભક્તની સંમતિ થતાં પ્રથમતઃ **તંત્રી મણીલાલને** સૂચવવામાં આવ્યું કે સમગ્ર મંડળસહ આવતાં પહેલાં સ્થાન વિગેરેની અનુકૂળતા જોઈ જાઓ તદનુસાર તેઓ આવી સ્થાનાદિ જોઇ ગયા. સર્વ ઠીક સમજાતાં થોડા સમય બાદ પોતાની ભજન મંડળીસહ તેઓ આવ્યા તેમણે ભજન, કથા, તથા વ્યાખ્યાનોદ્વારા સનાતન ધર્મનો પ્રચાર ચલાવ્યો **યતિશ્રી મુકુન્દાશ્રમજી** કોઇ ભક્તના આગ્રહ વશાત્ સુરતથી ખંભાત જતા હતા તેમને એક દિવસ વિનંતી પૂર્વક ઉતારી દિવસના ભાગમાં " શ્રદ્ધા " અને રાત્રીએ " સેવા " એ બે વિષયો પર

વ્યાખ્યાન અપાવ્યાં. ભજન મંડળી તરફથી પણ સગુણોપાસના, નામ મહિમા વિગેરે બાબતોની સારી ચર્ચા થતી આથી ગ્રામ લોકોનું વ લણુ સનાતનધર્મ તરફ સારી રીતે થયું. તેથી કેટલાએક આર્ય સમાજના સંસ્કારી પુરૂષોને એ વાત ઠીક ન લાગતાં કેટલાએક આક્ષેપો કરવા લાગ્યા. તત્સંબંધે સમાજમાં આગળ પડતો ભાગ લેનાર **રા. પુરૂષોત્તમ શિવાભાઈ બીનનરેશભાઈ** અને **રા. ઉમેદભાઇ નારણભાઈ** જે સનાતની છે. તેમને પરસ્પર કેટલીએક ચર્ચા થઇ કેટલીએક ગૂઢ શંકાનું સમાધાન **રા. ઉમેદભાઈ** આપતા છતાં **રા. પુરૂષોત્તમ** સમજી શકતા નહિ. તેથી તેની સ્પષ્ટતાને માટે તેઓ **ભક્ત ગોવિંદભાઇ** (જેમણે વેદાન્તાદિ શાસ્ત્રનો સારો અભ્યાસ કરલો છે.) પાસે જતા તે નિષ્પક્ષપાતથી યથામતિ સમાધાન આપતા પરંતુ સમાજના આગ્રહથી **મ. પુરૂષોત્તમ** માન્ય કરી શકતા નહિ, અને કહેતા કે અમારૂં મન જોઇએ તેવું સમાધાન પામતું નથી. ત્યારે સ્પષ્ટ જવાબ આપવામાં આવતો કે જ્યાં તમારી શ્રદ્ધા હોય ત્યાંથી સમાધાન મેળવી લ્યો. એથી તેમણે કહયું કે અમે અમારા સમાજના પંડિતને બોલાવીશું સનાતન ધર્મનું અવલંબન કરનાર **ભક્ત ગોવિંદભાઈએ** સ્પષ્ટ જવાબ આપ્યો કે તેમ કરશો તેમાં અમોને કંઇ હાનિ નથી. ત્યાર બાદ **રા. પુરૂષોત્તમભાઈએ** સમાજને પત્ર લખી સમાજના ઉપદેશક **શ્રીયુત દાતારને** બોલાવ્યા તેમણે ત્રણ ચાર દિવસ વ્યાખ્યાનો આપ્યાં એટલે સમાજીઓ સનાતની-

ઓને કહેવા લાગ્યા કે સત્યાસત્યનો નિર્ણય કરવો હોય તો તમારા '**સ્વામીજી** ને' બોલાવો તેથી સનાતન ધર્મની આગેવાની કરનાર **ભક્ત ગોવિંદભાઇએ** સ્વામી મુકુન્દાશ્રમને તેડાવવાની તજવીજ કરવા માંડી. પરંતુ પ્રથમત: એ વિચાર આવ્યો કે સમાજના પંડિત કેવાક છે. તેમનો સમાગમતો કરીએ. તેથી તેઓ તેમના મુકામ પર ગયા. બાદ **શ્રીયુત દાતાર** ને **ભક્ત ગોવિંદભાઇનો** વાર્તાલાપ થતાં ભક્તે ઉપદેશકને પૃચ્છા કરી કે આપ શું જાણો છો. ? જવાબ મળ્યો કે ચારે વેદ હું જાણું છું ઇચ્છા હોય તે બાબત વાત કરો. મોક્ષ પામ્યા પછી જીવાત્મા જન્માદિ પામતો નથી એ સંબંધે વાત ચાલી **મ. દાતારે** કેટલીક વાત કર્યા બાદ બંધાઇ જતાં પૂછ્યું કે જીવાત્મા જન્મતો નથી મોક્ષ પામી બ્રહ્મસ્વરૂપ રહે છે તેમાં પ્રમાણ શું ? **ભક્ત ગોવિંદભાઇએ** જવાબ આપ્યો કે **નસપુનરાવર્તતે**" ઉપદેશકજી કહેવા લાગ્યા કે એટલે ? **ભક્તે** કહ્યું કે

---

૧. સત્ય હકીકત ઉપંર પ્રમાણે છે જે કરમસદસ્થ સર્વ કોઈ જાણે છે છતાં આર્યસમાજ તરફથી "સત્યનું ગ્રહણ અને અસત્યના ત્યાગ" એ માન્ય નિયમપર પગ મુકી ૮ ૧/૧૮ ના આર્ય પ્રકાશમા '**करमसदमांप्रचार** એ વિષયમાં ભુંસી માર્યુ કે "કરમસદના કેટલાએક સનાતની ભાઇઓએ ખંભાતવાળા રાયશ્રી મુકુન્દાશ્રમને બોલાવી આર્ય સમાજ વિરૂદ્ધ ગમે તેમ બોલવા તથા લોકોને ભડકાવવાની કોશિશ કરી. જે ઉપરથી ત્યાંના એક બે આર્ય બંધુઓએ અત્રેની પ્રતિનિધિ સભા પાસે આર્ય પંડિતની માગણી કરી." સમાજીઓની લીલા વિચિત્ર છે ! બોલાવ્યા આર્ય સમાજીઓએ પોતાના સમાધાની ખાતર, અને ઓઢાડે છે સ્વામી મુકુન્દાશ્રમને માથે !!

આપજ સમજી લ્યો. ઉપદેશકજીએ જવાબ આપ્યો કે મને સંસ્કૃત આવડતું નથી. (ચાર વેદ જાણે ને સંસ્કૃત ન આવડે આ પણ સમાજીઓની અલૌકિકતા) ભક્તે અર્થ કહયો કે તે જીવ પાછો અવતરતો નથી સમાજીઓ સમજી ગયા કે આ ભક્તનેજ આપણા ઉપદેશક જવાબ આપી શકતા નથી તો તેના ગુરૂ પાસે તે ટકી શકશે નહિ તેથી તેમણે પુનઃ પત્ર લખી **કવિ મહારાણીશંકર શર્માને** બોલાવવાની યોજના કરી. ને ભક્ત ગોવિંદભાઇને જવાબ આપ્યો કે અમારા પંડિત આવવાના છે તેમને આ પ્રશ્ન કરશો

વાર્તાલાપ થયા બાદ ગુરૂવારે સવારની ટ્રેનમાં સમાજના પંડિત **મહારાણીશંકર શર્મા** આવ્યા તેમણે તેજ દિવસ બપોરના ભક્ત ગોવિંદભાઇ વિગેરેને સમાધાન આપવા બોલાવા મોકલ્યા. પરંતુ પ્રથમથી કરેલ તજવીજ પ્રમાણે તેમણે સુરત તાર કરી **યતિ મુકુન્દાશ્રમજીને** બોલાવેલ હોવાથી ગુરૂવારને દિવસે બીજી ગાડીમાં તે પણ આવી પહોંચ્યા. તેમની કેટલીએક વ્યવસ્થા કરવાની હતી છતાં **ગોવિંદભક્ત** વિગેરે તેમની પાસે ગયા પરંતુ વિશેષ જાણવા યોગ્ય વાતચિત થઇ નહોતી થોડી મુદત પછી તેઓ પાછા આવ્યા.

ગુરૂવારે રાત્રેજ **સમાજના** પંડિત મહારાણીશંકર શર્માએ **"ભારતની ઉન્નતિ"** એ વિષયપર ૮ થી ૧૦ સુધી વ્યાખ્યાન આપ્યું. તેમાં ગાયત્રિ મંત્રનો અર્થ સમજતી. 'બુદ્ધિની અપેક્ષા છે' તેપર સર્વનું લક્ષ ખેંચી બ્રાહ્મણોએ તેવા ઉત્તમ મંત્રોને છુપાવી રાખ્યા એમ કહી બ્રાહ્મણો ઉપર અનેક પ્રકારના આક્ષેપો કર્યા. ભારતની અધોગતિ કરનાર બ્રાહ્મણોજ છે. એવાં એનેક વચનોથી

સવ પ્રકારનો ભાર બ્રાહ્મણોનેજ માથેજ ભર્યો. તા૦ ૩૦૧૬/૪ ને શુક્રવારે દિવસના ૪ થી ૬ સુધી **યતિ મુકુન્દાશ્રમજીએ "સનાતન ધર્મની અવનતિ"** એ વિષયમાં વેદ શાસ્ત્ર તથા સત્યાર્થ પ્રકાશનાં પ્રમાણોથીજ એ સિદ્ધ કરી આપ્યું કે વિદ્યાને ગુપ્ત રાખવાની જરૂર છે અને તદ્દન સમય સ્વરૂપને જાણનાર સુજ્ઞ બ્રાહ્મણોએ ઉત્તમ વિદ્યાને સંરક્ષણ માટે ગુપ્ત રાખી હતી એ બહુજ સારૂં કર્યું હતું. એ વાતને ઇતિહાસની મદદથી પણ સુદૃઢ કરી આપી હતી સમાજીઓનો સ્વભાવ ખંડન કરવાનો છે. મંડન તો તેમને આવડતુંજ ન હોય તે પ્રમાણે પોતેજ પોતાના યશના ભુંગળ સાથે ચલાવતા હતા.

યતિમુકુન્દાશ્રમનુ વ્યાખ્યાન થઇ ગયા પછી શુક્રવારે રાત્રે સામાજીક પંડિતનું વ્યાખ્યાન થયું ગુરૂવારે સમાજના પંડિત **મહારાણીશંકરશર્માએ** પોતાના વ્યાખ્યાનના અંતમાં એમ જણાવ્યુ હતું કે આવતી કાલે **સ્વામી દયાનંદજી** એ ભારત પર કેટલો ઉપકાર કર્યો છે તે બાબતો કહીશ પરંતુ પ્રથમ દિવસના પોતાના વ્યાખ્યાનનું ખંડન થવાથી પંડિતજી ઉશ્કેરાઇ ગયા તેથી પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી સમાજીઓના સ્વભાવ પ્રમાણે સનાતન ધર્મરૂપ સૂર્યપર સત્યાસત્યનું શ્રિણુ કરી ધૂળ ઉડાવા માંડી પરંતુ સૂર્ય સુધી પહોંચે ક્યાંથી ? કોઇ પણ વિષયના આધાર વિના કંઇક અહીંથી અને કંઇક કહીંથી ગમે તેમ બોલવાનું ચલાવ્યું ત્યારે **યતિમુકુન્દાશ્રમજી** તરફથી શનિવારે **"મનુષ્ય કર્ત્તવ્ય"** એ વિષય પર અનુપમ વ્યાખ્યાન આપવામાં આવ્યું સાથે સાથે સમાજ તરફથી થયેલા અનેક તુચ્છ આક્ષેપોના પણ બરાબર રદિયા આપવામાં આવ્યા. **યતિ**

મુકુન્દાશ્રમના પ્રભાવ યુકત વ્યાખ્યાનો થતાં પંડિત **મહારાણી શંકરને** સમજાયું કે **આપણે** પહોંચી શકીશું નહિ તેથી તેમણે **પંડિતજી બાલકૃષ્ણ શર્માને** બોલાવ્યા અને બેઉએ મળી કોઇ પણ વિષય વિના વ્યાખ્યાનો આપવાનો આરંભ કર્યો તેમાં કવિ મહારાણી શંકર શર્મા પોતાના વ્યાખ્યાનમાં વારંવાર કહેતા કે "**આદ્યશંકરાચાર્ય**" મંડન પંડિતને ત્યાં [1]શાસ્ત્રાર્થ કરવા ગયા હતા તેમ **યતિ મુકુન્દાશ્રમજી** મારી સામે શાસ્ત્રાર્થ કરવા કેમ આવતા નથી. દશ મિનિટ હું બોલીશ દશ મિનિટ એ બોલશે લોકો પોતેજ નિર્ણય કરી લેશે"

રવિવારે "**જગતોસન્તિ**" એ વિષયના વ્યાખ્યાનમાં **યતિ મુકુન્દાશ્રમજી** તરફથી ખૂલાસો કરવામાં આવ્યો કે પંડિતજી મંડન

---

૧ સમાજીઓને અસત્ય બોલવું અગર લખવું એમાં તો કાંઇ અડચણજ નથી. શાસ્ત્રાર્થની વાત છેડનાર સમાજી પંડિત છતાં પુનઃ નામ તો સનાતનીઓનુંજ આગળ કરવામાં આવે છે. તા૦ ૧૫-૧૧-૧૪ ના આર્ય પ્રકાશમાં લખી દીધું છે કે "મહાત્મા થઈ ફરનાર યતિજીએ છેલ્લા ત્રણ ચાર દિવસમાં શાસ્ત્રાર્થ કરવાનો ડોળ કરી પત્ર વ્યવહાર શરૂ કર્યો. બીજા પાસે કરાવ્યો, જુઠ પકડાયા વિના રહેતું નથી તા૦ ૪ થી તા૦ ૧૨ સુધી પત્ર વ્યવહાર ચાલ્યો છે ત્યારે દેખાડવામાં આવે છે માત્ર ત્રણ ચાર દિવસનો! સમાજ સત્યનું પાલન બરાબર કરે છે!! આર્ય પ્રકાશ ઘરનું વાજીંત્ર, ને જાતે લખનાર, જુઠું બોલવા લખવાની અડચણ નહિ પછી ગમે તેમ બોરકૂટો કરે, ઘરના ઝાંઝરીઆ અને ઘરના ભૂવા એવો આ ન્યાય છે. સત્ય હકીકત ઉપર આપવામાં આવેલ છે જે પરથી વાંચક બંધુઓ સ્પષ્ટ ન્યાય સમજી લેશે.

બંનવા વૃથા પ્રયત્ન કરે છે તે શા માટે? શાસ્ત્રાર્થ એ બાળ ખ્યાલ નથી શાસ્ત્રના સૂક્ષ્મ વિચારોમાં પંડિતોની બુધ્ધિ કુંઠિત થાય છે તેનો લોક નિર્ણય કેમ કરી શકશે. પંડિતજી અક્કલને અળગી કરીને બોલે છે કે શું ? શાસ્ત્રાર્થ કરવા ઇચ્છા હોય તો શાસ્ત્રાર્થની રીત સમજી પગલાં ભરે એટલે સનાતનીઓ તરફથી તેનો બરોબર ઉત્તર આપવામાં આવશે. આ વાત તો ઉભય સમાજી પંડિતોના પેટમાં પચીજ ગઇ.

યતિ મુકુન્દાશ્રમજીને જરા વિશ્રાંતિ મળે એવા આશયથી ખંભાત નિવાસી **વિદ્વદ્વર્ય દયાશંકર રવિશંકર કાવ્યવાચસ્પતિ**ને બોલાવવા ખંભાત તાર કરવામાં આવ્યો હતો પરંતુ તે વડોદરે ગયેલા હોવાથી પુનઃ ત્યાં તાર કરવામાં આવ્યો, સુભાગ્યે **શ્રીમત્સ્વામી શાન્ત્યાનંદ સરસ્વતી વેદાન્તમાર્તંડ** ત્યાં હતા અને કવિશ્રી "રણું" કોઇ કાર્યવશાત્ ગયા હતા. તેથી સ્વામીજીએ વડોદરાથી પંડિત **નારાયણ ગિરધર** વ્યાખ્યાનકોવિદને મોકલ્યા તેમણે આવી "**પુરાણની સત્યતા**" એ વિષય પર ઉત્તમ વ્યાખ્યાન આપ્યું બીજે દિવસે તેઓ વડોદરે ગયા. ત્યારે સમાજી પંડિતોએ ગપ મારી કે તે તો નાસી ગયા. કાર્ય કે કારણ જાણ્યા વિના મિથ્યા બકવાદ કરવો એ પાંડિત્ય તે કેવું ? પુનઃ બીજે દિવસ સ્વામીજીની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી પંડિતજીને સાથે લઇ ખંભાત જતાં વચમાં તેઓ હવા ફેર માટે કરમસદ ઉતર્યા. તેમને શાસ્ત્રાર્થ સંબંધી વાત કહી ત્યારે તેઓશ્રી કહેવા લાગ્યા કે સમાજીઓ સામે ઉભાજ રહેવાના નથી વૃથા બકવાદ કરનારા છે છતાં આજે આપણી સભામાં એક નોટીસ વાંચો તે પ્રમાણે સભામાં વાંચવામાં આવેલી નોટીસ નીચે

[1]પ્રમાણે છે. (સભાના નિત્યકૃતાંતુનો રીપોર્ટ સમાજી તરફથી લેવાતો હતો.)

નોટીસ (૧)

ૐ

આર્ય સમાજીઓને એક જાહેર નોટીસ.

કેટલાએક દિવસથી આર્ય સમાજના વ્યાખ્યાતા તરીકે મ. મહારાણીશંકરશર્મા આણંદ તાલુકાના કરમસદ ગામમાં સનાતન ધર્મની વિરૂદ્ધ સનાતનીઓનાં મન ઉશ્કેરાઈ જાય એવાં જાહેર વ્યાખ્યાનો આપે છે. એટલા માટે જો મ. મહારાણી શંકરશર્મા આર્યસમાજના વ્યાખ્યાતા હોય તો સર્વ આર્યસમાજના આગેવાનોને તથા પંડિતોને જાહેર (ચેલેંજ) કરીએ છીએ કે તમોએ પોતાના વ્યાખ્યાતાઓને સનાતન ધર્મીના મનની ઉશ્કેરણી ન થાય એવાં વ્યાખ્યાનો કરવા ખાસ ભલામણ કરવી નહિ તો સનાતન ધર્મના અનુયાયી નીચે દર્શાવેલા ચતુ-

---

૧ સામાજીક પંડિતો પોતાની સભામાંજ માત્ર બોલતા તેને લઇને અમે પણ એજ રીવાજ રાખ્યો હતો. આ નોટીશ ખબરપત્રીઓ દ્વારા જાણ્યા પછી કવિ મહારાણીશંકર શર્મા એ 'વડોદરા રાજ્યના દિવાન ને મધ્યસ્થ તરીકે અમારે માન્ય છે' એવું સભામાં કહ્યા બાદ બીજે દિવસે જ્યારે પા. નરસિંહભાઇ ગોવિંદભાઇને પૂછવા મોકલ્યા ત્યારે જવાબ આપ્યો કે 'મધ્યસ્થ એટલે સભાની વ્યવસ્થા માત્ર કરનાર' શાસ્ત્રાર્થનો નિર્ણય કરનાર નહિ' એક વખત બોલી બંધાઈ જવાંની બીકથી બીજેજ વખત ફરી જાય તેને શું કરીએ. એ પણ એક 'પ્રકારનું પાંડિત્યજ !!!

શ્રીઆશ્રમી તથા ગૃહસ્થો સાથે શાસ્ત્રના નિયમ પ્રમાણે ઉભય પક્ષના સંમત મધ્યસ્થના સમક્ષ શાસ્ત્રાર્થ કરવા ઉપર દર્શાવેલા ગ્રામમાં આવવું. જો તમે મહારાણીશંકર શર્માને પોતાના ઉપદેશક તરીકે ન માનતા હો તો તે પ્રસિધ્ધ રીતે દર્શાવો જેથી તેની સાથે અમે ઘટતા ઉપાય લઇએ.

જો તમને શાસ્ત્રાથ ઇષ્ટ હોય તો ઉભય સંમત મધ્યસ્થનો ખર્ચ ઉભય પક્ષથી આપવો અને પોતપોતાના સભ્યો તથા શાસ્ત્રીઓનો ખર્ચ પોતપોતાના પક્ષમાંથી આપવો.

સનાતન પક્ષ તરફથી શાસ્ત્રાર્થ કરનારાઓનાં નામ.

શ્રીમત્પરમહંસ પારિવ્રાજકાચાર્ય સ્વામીશ્રી શાન્ત્યાનંદ સરસ્વતી વેદાન્તમાર્તંડ

"	યતિ. મુકુન્દાશ્રમજી
વે. શા. સં.	રામેશ્વરદત્ત શર્મા અદ્વૈતાચાય
"	વીરેશ્વર શર્મા ન્યાયશાસ્ત્રી
"	જાદવજી અંબાશંકર શાસ્ત્રી
"	નારાયણ ગિરધર શાસ્ત્રી વ્યાખ્યાન કોવિદ
"	દયાશંકર રવિશંકર પંડિત સાહિત્ય વાચસ્પતિ

નીચે લખેલા *મધ્યસ્થો જો જરૂર હોય તો તે અમારે સંમત છે.

---

* આટલાં નામો આપવામાં આવ્યાં છતાં આર્યપ્રકાશના તંત્રીના કર્ણમાં તો 'પંડિત ભીમસેન શર્મા તથા શિવકુમાર શાસ્ત્રી' એ ગોખી રાખેલાજ નામો સંભળાયાં છે ખરે! મતાંધતા મનુષ્યને હૃદય શૂન્યને બધિર બનાવે છે!!

१ श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्री शारदापीठद्वारका मठाधीश्वर श्रीमच्छंकराचार्य શ્રીમન્માધવતીર્થ સ્વામીજી મહારાજ.

૨. બ્રહ્મશ્રી મે. રા. રા. દીવાન બહાદુર માધવરાવજી. વડોદરા રાજ્ય

૩. વે. શા. સં. સર્વતંત્ર સ્વતંત્ર પંડિતરાજ મહામહોપાધ્યાય શિવકુમાર શાસ્ત્રી કાશી

૪. " પંડિત. ભીમસેન શર્મા. ઇટાવા. "બ્રાહ્મણ સર્વસ્વ" વ્યવસ્થાપક

૫ " શાસ્ત્રી. બદરિનાથ ત્ર્યંબકનાથ, તર્કવાચસ્પતિ. વડોદરા.

૬. " " રામકૃષ્ણહર્ષજી વ્યાકરણાચાર્ય અમદાવાદ

૭. " " હાથીભાઇ હરિશંકર શ્રૌતસ્માર્ત ધર્મ માર્તંડ વિદ્યાવાચસ્પતિ.

૮. " પંડિત સત્યવ્રત સામાશ્રમી કલકતા.

ટીપઃ—આ નોટીસથી હકીકત જાણ્યા પછી પંદર દિવસની અંદર તેનો પ્રત્યુત્તર નહિ મળે તો સમસ્ત આર્યસમાજ પરાસ્ત થયો છે. એમ મનાશે તા. ૩૧-૧૦-૧૪.

ઉપર પ્રમાણેની નોટીસની વાત જાણ્યા પછી કવિ મહારાણીશંકર ગભરાયા તેથી તેમણે પત્ર લખી પંડિત બાલકૃષ્ણ

શર્માને બોલાવ્યા સોમવારે તેઓ કરમસદ આવ્યા તે વખત સનાતન ધર્મીઓ તરફથી **યતિ મુકુન્દાશ્રમજી** એકલાજ હતા. **સ્વામી શ્રી શાન્ત્યાનંદજી** અનુકૂળ હવા ન જણાયાથી ખંભાત ચાલી ગયા હતા. સમાજના મોટા પંડિતજીએ વ્યાખ્યાન આરંભ્યું પરંતુ ઉપરની નોટીસ સંબંધે કોઇએ ચર્ચા કરી નહિ. જાણે જાણતાજ ન હોય એમજ ચલાવ્યું કવિ મહારાણીશંકરજીએ નોટીસને અંગે માત્ર વડોદરા રાજ્યના દીવાન અમોને મધ્યસ્થ તરીકે કબૂલ છે. એટલોજ જવાબ વાળ્યો હતો. જેનું સ્વરૂપ પાછળ લખ્યા પ્રમાણે બીજે દિવસ ફરી ગયું ! !

સભામાં અનેક વખત શાસ્ત્રાર્થ માટે સૂચનો કર્યાં છતાં સમાજીઓ તરફથી કોઇ પણ પ્રકારની ચળવળ ન થઇ અને લોકોને ભ્રમમાં નાંખવા સામાજીક પંડિતો પોતાના વ્યાખ્યાનમાં શાસ્ત્રાર્થનો લવારો કરતા, મૂર્તિપૂજા, પુરાણો, અને બ્રાહ્મણો પર અનેક પ્રકારના મિથ્યા આક્ષેપોને વળગી રહ્યા ત્યારે કરમસદસ્થ બ્રાહ્મણોએ **યતિ મુકુન્દાશ્રમજી** પાસે જઇ પોતાનો આશય જણાવ્યો કે શ્રી શંકરાચાર્ય મહારાજ તથા બીજા જોઇતા પંડિતોને બોલાવો અને સમાજીઓ સાથે શાસ્ત્રાર્થ થવા દયો. **સનાતન ધર્મને માટે જે ખરચ થશે તે અમે ઉપાડવાને તૈયાર છીએ.** યતિશ્રીએ તેમને ખુલાસો કર્યો કે સમાજના પગાર ખાનારા પંડિતો કંઇ ઉકાળવાના નથી શાસ્ત્રાર્થની વૃથા બુમો મારાનારા છે. સમય આવતાં નાસી છુટશે. માટે વાત જવા દયો. બ્રાહ્મણો કહેવા લાગ્યા કે એમ કરવાથી અમારા ગ્રામવાસીઓ અવળો અર્થ લેશે. માટે ગમે તેમ થાય પણ આચાર્યશ્રીને

બોલાવાનો પત્ર લખો. યતિશ્રીએ કહયું કે તમારી એવી ઇચ્છા હોય તો પ્રથમ સમાજના પંડિતો સાથે શાસ્ત્રાર્થ સબંધે મધ્યસ્થ વિગેરેનું નકકી કરવા એક લેખી નોટીસ આપો તમને પ્રથમથીજ ભવિષ્ય કહું છું કે શાસ્ત્રાર્થનો નિણયજ એ કરવાના નથી તમારી નોટીસના ગમે તેમ આડા અવળા જવાબ આપી બહુ દિવસ ગયા એવુ બહાનું કરી નાસી છુટશે એ ખાસ લક્ષમાં રાખજો.

બ્રાહ્મણો કહેવા લાગ્યા કદિ સમાજીઓમાં શકિત નહિ હોય તો નાસી જશે. પરંતુ અમારા ગામના માણસો, જે સામાન્ય બુધ્ધના છે તેમને ઉલટી અસર ના થાય માટે શાસ્ત્રાર્થ તો થવોજ જોઇએ. બ્રાહ્મણોનો આગ્રહ જોઇ યતિશ્રીએ બ્રાહ્મણો નકામા ખર્ચમાં ન ઉતરે ને બીજા પંડિતોનો વૃથા સમય પણ ન જાય એમ વિચાર કરી પ્રથમ સમાજના પંડિતો સાથે શાસ્ત્રાર્થમાં જોઇતા મધ્યસ્થ વિગેરેનો નિર્ણય કરવા એક રજીષ્ટર નોટીશ અપાવી તે નીચે મુજબઃ—

ૐ

तत्सत्परमात्मने नमः

અમો નીચે સહી કરનાર ગામ કરમસદના સમસ્ત બ્રાહ્મણો આ નોટીસથી આર્ય સમાજના પંડિત મહારાણીશંકર શર્માને ખબર આપીએ છીએ કે તમો મજકુર ગામમાં ચાર પાંચ દિવસથી મુખ્યત્વે અમારી (બ્રહ્મણોની) લાગણી દુઃખાય તેવાં દેવ બ્રાહ્મણાદિનાં નિંદાસ્પદ અશ્લીલ વેદ વિરૂદ્ધ વ્યાખ્યાનો આપો છો તે શાસ્ત્રાથ કરી તમારો મત સિદ્ધ ન કરી આપો તત્પર્યન્ત તમારાં વ્યાખ્યાને

બંધ કરવાં; અને શાસ્ત્રાર્થ માટે પ્રત્યુત્તર નોટીસ પહોંચ્યા બાદ ૧) દિવસમાં આપવો તા૦ ૪-૧૧-૧૪.

અમો કરમસદના બ્રાહ્મણો.

પાઠક જેઠારામ બાપુજી
પરોત મુળજી ભીખારામ સહી.
પરોત ગીરધર પીતાંબર સહી.
પંડ્યા નાથાલાલ દાદારામ સહી.
પાઠક દામોદર કાશીદત સહી.
પાઠક શીવશંકર મયારામ સહી.
પાઠક મગનલાલ કાશીરામ સહી.
પાઠક નાથાલાલ પ્રાણનાથ દા. મુળજી ભીખારામ.
પરોત ગણપતરામ કાળીદાસ સહી.
પરોત શંકરલાલ કાળીદાસ સહી.
મહેતા નાથજી ડાહ્યાભાઇ સહી.
પાઠક બાપુજી હરજીવનદાસ સહી.
પરોત ગણપતરામ મથુરરામ સહી.
પાઠક રામશંકર દેવશંકર સહી.

નોટીસ પહોંચ્યા પછી સામાજીક પંડિતો તરફથી પ્રત્યુત્તર મોકલી તેની બે નકલો તૈયાર કરી ગ્રામનાં પ્રસિદ્ધ સ્થેળોમાં ચોડવામાં આવી અને જન સમુહમાં પોતાની તત્તપરતા દેખાડવાનોં દંભ કર્યો પરંચ પરિણામ ભાદરવાનો ભીંડો વડને પોતાની બડાઈ બતાવે તે આસો માસ આવતાં જે થાય તેજ આવ્યું ?

સમાજના પંડિતોની નોટીસ નીચે મુજબ છે.

કરમસદ.

તા. ૭-૧૧-૧૪.

ओ३म्.

શ્રીયુત મ. જ્યેષ્ઠારામ બાપુજી! નમસ્તે.

આપના તરફથી તા. ૪-૧૧-૧૪ ની લખેલી જ્યેષ્ઠારામ બાપુજી આદિ ચૌદ મહાશયોની સહીવાળી શાસ્ત્રાર્થની નોટીસ અમને પહોંચી તદનુસાર નિવેદન કે શાસ્ત્રાર્થને માટે આપ તત્પર છો તે જાણી અમને અત્યાનંદ થયો કેમકે શાસ્ત્રાર્થ ન થાય તો અમારો પરિશ્રમજ કંઇ અંશમાં વ્યર્થ થાય; અતઃ નિવેદન છે કે શાસ્ત્રાર્થ પ્રથમ કયા વિષયપર તેમ કયા નિયમ અનુસાર થાય તેનો નિશ્ચય કરવા માટે આપના બે ચાર સભ્ય ગૃહસ્થોને અમારા સ્થાનપર મોકલો અથવા આપને ઉચિત લાગે તો. કોઇ સભ્ય ગૃહસ્થના મકાનપર અમને બોલાવો તો અમે આવીએ.

[1]શુદ્ધ બ્રાહ્મણોની લાગણી દુઃખાય એવા વેદ વિરૂદ્ધ અશ્લીલ શબ્દો બોલવામાં અમે પાપ માનીએ છીએ, તથાપિ આરંભમાં કટુ હોય છતાં સત્ય હોય તેવા સાર્થ શબ્દો કથવા અવશ્ય વેદાનુકૂલ માનીએ છીએ.

---

૧. સમાજના ઉભય પંડિતજી કરમસદના પાટીદારો, જેમાના કેટલાએકને તો સમાજના નિયમ પ્રમાણે યજ્ઞોપવિતાદિ આપેલ નથી. તેથી તે સંધ્યાદિ કર્મ પણ કરતા નથી. એટલે ગુણ કર્મથી જાતિમાનનારા સમાજીઓના મંતવ્ય પ્રમાણે તેઓ બ્રાહ્મણ થયા નથી તો પણ તેને ઘેર ખુશીથી ભોજન માટે ગયા હતા. તે ઉભય પંડિતો પોતાના નામને અંતે 'શર્મા' લખે છે તેમના જેવા શુદ્ધ બ્રાહ્મણો કરમસદસ્થ નથી એટલે કદિ તેમને અશુદ્ધ ગણી તેમની લાગણી દુઃખાય તો હરકત નહિ એમ ધ્વનિ વ્યક્ત કરવા ઉક્ત વિશેષણ વાપર્યું હશે. ! !

અન્તિમ સૂચનકે શાસ્ત્રાર્થ વિષયમાં આજ. સાંજ સુધીમાં આપ અવશ્ય નિશ્ચય કરી નાખશો એવી આશા છે, અન્યથા આપના તરફથી અપાએલી નોટીસ માત્ર ખાલી દેખાવજ મનાશે **सुज्ञेषुकिमधिकम्** ઇત્યોમૃશમ

ભવદીય

ह॰ बालकृष्णा शर्मा

મહારાણીશંકર શર્મા.

ઉપર પ્રમાણે સમાજ તરફથી નોટીસ મળ્યા બાદ અવકાશના અભાવે સાંજ સુધીમાં જવાબ આપી શકાયો નહિ પરંતુ બીજે દિવસે પ્રાતઃકાળે તેનો ઉત્તર મોકલવામાં આવ્યો તે આ પ્રમાણે હતો.

ૐ

तत्सत्परमात्मने नमः

શ્રીમાન્ પંડિત બાળકૃષ્ણશર્મા તથા મહારાણી શંકરશર્મા.

અમારી તા. ४-१-१४ ની નોટીસનો જવાબ આપના તરફથી તા. ७-१-१४ ના બપોરે બે વાગ્યા પછી ઉભયની સહીવાળો મળ્યો. તેમાં આપે જણાવ્યું છે કે ' શાસ્ત્રાર્થ કયા વિષયપર તેમ કયા નિયમાનુસાર થાય તેનો નિશ્ચય કરવા માટે આપના બે ચાર સભ્ય ગૃહસ્થોને અમારા સ્થાનપર મોકલો અથવા આપને ઉચિત લાગે તો કોઇ સભ્ય ગૃહસ્થના મકાનપર અમોને બોલાવો '

તેના જવાબમાં લખવાનું કે અમો એ તો આપને પ્રથમતઃ સૂચવ્યું છે કે આપના અધિવેશનમાં અમારી ધર્મ લાગણી દુઃખાય એવા જે શબ્દ પ્રયોગો યોજ્યા છે. તે શાસ્ત્રાર્થ કરી સિદ્ધ કરી આપો. એવું અમારૂં સૂચન છે. માટે શાસ્ત્રાર્થના સંબંધમાં પ્રથમ આપેજ લેખી નિયમો તથા મધ્યસ્થોનાં નામ લેખી આપવાના છે. ઉકત વાત રૂબરૂ નિશ્ચય થઇ શકે તેમ નથી માટે પ્રથમતઃ જેની માગણી આપ તરફથી થાય છે. તે બાબતની સ્પષ્ટતા આપનેજ કરવાની અગત્ય છે.

સભાના નિયમો અને મધ્યસ્થ જે તકરારી વિષય છે. તે પ્રથમત; નક્કી થયા પછીજ વિષયો નિયત થઇ શકે તેથી અધુના એની અગત્યને અવકાશ નથી. માટે એક દિવસની અંદર આપ નિયમો અને મધ્યસ્થનાં નામો આપના હસ્તાક્ષર સહ લખી મોકલશો એટલે અમારા તરફથી પણ વિગત વ્યકત કરવામાં આવશે. **इति शम् सुज्ञेषुर्किंबहुना** તા. ૮-૧૧-૧૪ કરમસદ.

ભવદીય,

પાઠક જેઠારામ બાપુજી (સહી)

તા. કઃ—કર્ણોપકર્ણ એવું શ્રવણગોચર થયું છે. કે આપ એક બે દિવસમાં પલાયન કરવા વિચાર રાખો છો. બીજી બાજુ શાસ્ત્રાર્થની ઘોષણા કરો છો તેમાં સત્ય શું સમજવું ? કેવળ કાગળના ઘોડા દોડાવીનેજ ચાલ્યા જવા ઇચ્છા હોય તો ભવતુ.

જે. બા.

ઉપર પ્રમાણે એક તરફથી નોટીસો ચાલતી હતી. અને બીજી બાજુ **યતિ મુકુન્દાશ્રમજી** તરફથી દિવસના અને સમાજના પંડિતો તરફથી રાત્રીનાં વ્યાખ્યાનો ચાલતાં હતાં. સમાજ તરફથી ત્રણ ઉપદેશકો હતા ત્યારે સનાતન ધર્મ તરફથી માત્ર **યતિ મુકુન્દાશ્રમજી** એકલાજ હતા. મધ્યે સ્વામી શ્રી તથા **નારણભાઇ શાસ્ત્રી** અને **કવિ શ્રી દયાશંકર** સાહિત્ય વાચસ્પતિ બેજ દિવસ આવી ગયા હતા. સંજોગ આવો હતો તોપણ સમાજના પંડિતોના પ્રત્યેક આક્ષેપોનો પ્રમાણસહ સજ્જડ પ્રતિકાર યતિ શ્રી કરતા હતા. તદુપરાંત નિયમિત નૂતન નૂતન વિષયો (જેની યાદી પાછળ આપવામાં આવી છે) લઇ તેની સ્પષ્ટતા કરી સર્વ શ્રોતા ગણોના મન ઉપર સચોટ છાપ પાડતા હતા. ત્યારે સમાજના પંડિતો કોઈ પણ વિષયનો આશ્રય લીધા વિના ગમે તેમ બોલતા હતા. તા૦ ૧૫-૧૧-૧૪ ના આર્ય પ્રકાશમાં લખ્યા પ્રમાણે 'સમાજના પંડિતોનાં આશરે સોળેક વ્યાખ્યાનો થયાં' તેમાં "ભારતની ઉન્નતિ." "ધર્મનાં લક્ષણ," "નિયોગનું પ્રતિપાદન" એટલાજ વિષયો લેવામાં આવ્યા હતા બાકી તો શ્રાવકના ચંદરવા પેઠે મૂર્તિપૂજા, શ્રાદ્ધ, પુરાણ વિગેરેનું ખંડન ગમે તે રીતે કરવામાંજ પાંડિત્ય વપરાતું હતું. પૂર્વોકત વિષયમાંથી પંડિતજી **બાલકૃષ્ણ શર્મા** એ મનુસ્મૃતિમાં કહેલા ધર્મનાં લક્ષણોનું વિવેચન ઠીક કર્યું હતું. પરંતુ બીજે દિવસ યતિરાજે જણાવ્યું હતું કે "સત્યાર્થ પ્રકાશમ એક સ્ત્રીને અગ્યાર પતિ કરવાની છૂટ આપવી અને બીજી બાજુ "ઇંદ્રિયનિગ્રહ" રૂપ ધર્મ લક્ષણનો બોધ કરવો એ વિરોધનો પરિહાર પંડિતજી કઇ રીતે કરે છે તેનો જરા ખુલાસો કરી શ્રોતાઓને

સમજાવ્યા હોત તો સમાજના પંડિતોનું બુદ્ધિ બળ પણ જાણવામાં આવત ! આ વાતને સમાજીક પંડિતો ગળીજ ગયા જવાબ આપવાને પણ બુદ્ધિબળની અપેક્ષા છે. સાથે જુઠું તે કયાં સુધી નિભે. તો પણ પંડિતો કંઇ મીયાંની ટાંગ ઉપર કરવાની ટેવ છોડતા નહોતા!! અમારી તા૦ ૮-૧૧-૧૪ ની નોટીસનો મળેલા પ્રત્યુત્તર

ओ३म् કરમસદ

શ્રીયુત મ. પાઠક જયેષ્ઠારામ બાપુજી ! નમસ્તે

આપની તા૦ ૮-૧૧-૧૪ ની નોટીસ આજેજ મળી વાંચીને અમે આશ્ચર્યિત થયા જ્યારે આપ શાસ્ત્રાર્થના નિયમ તથા વિષય નિશ્ચિત કરવાને પણ સમક્ષ નથી આવી શકતા તો પછી શાસ્ત્રાર્થને માટે સમક્ષ આવવું. તે તો આપને માટે અસંભવજ છે. એક તરફથી તા. ૪-૧૧-૧૪ની નોટીસમાં આપ અમારી પાસથી શાસ્ત્રાર્થ કરવાને ૨૪ કલાકના અવકાશમાં ઉત્તર માગો છો ત્યારે બીજી તરફથી તા. ૮-૧૧-૧૪ની નોટીસમાં આપ શાસ્ત્રાર્થ વિષયાદિ નિશ્ચિત કરવાને માટે અમને રૂબરૂ બોલાવવા કે અમારા ઉતારાપર રૂબરૂ આવવામાં પણ સ્પષ્ટ ના પાડો છો તેનું નામજ શાસ્ત્રાર્થમાંથી પલાયન છે. શાસ્ત્રાર્થના નિયમાદિ નિશ્ચિત કરવાને માટે સામસામા આવવામાં આપને આટલો સંકોચ છે તો પ્રત્યક્ષ સભામાં આવીને આપ શાસ્ત્રાર્થ કેવી રીતે કરશો? પ્રતીત થાય છે કે ઘરમાં બેસીનેજ આમ કાગળીઆ ખરડી સમય વ્યતીત કરવાની આપની મિથ્યા ચેષ્ટા છે.

પત્રથી ઉત્તર પ્રત્યુત્તર કરવામાં સમય વધારે ન જાય તેટલા માટે શાસ્ત્રાર્થના નિયમાદિ ઉભય પક્ષના સભ્ય એકત્ર મળીનેજ કરે

છે. એ સાર્વત્રિક નિયમ છે. પરંતુ રૂબરૂમાં આવીને નિયમાદિ ઘડ-વાની નિર્બલતા દેખાડવી અને શાસ્ત્રાર્થ માટે દેખાડા માત્રની નોટીસ મોકલતા રહેવું એ જોવામાં સુજ્ઞોને વિચિત્ર માલૂમ પડે છે.

અમારાં વ્યાખ્યાનોને પ્રતિદિન સાંભળીને વૈદિક ધર્મમાં લોકોની *અભિરૂચિ વધી તેમ અત્ર વેદ ધર્મના નિરંતર પ્રચારને માટે 'આ-ર્યસમાજ' પણ સ્થાપિત થઇ ગયો. આથીતો વૈદિક આર્ય ધર્મનો વિજય સિદ્ધજ છે. વિજયી આર્યસમાજના પંડિતોને ભાગવાની આવશ્યકતા છેજ નહિ પરંતુ હિંદુ ધર્મનો પક્ષ લઇને આપ જેવા પડિત 'પાઠક' ને આગળ કરીને પાછળથી કાગળનાં બાણ છોડવાવાળા મહાત્મા અહિં હોવા છતાં પણ 'આર્યસમાજની' અત્ર સ્થાપના થવી તેનો પરાજયજ સિદ્ધ કરે છે આ કારણોથી તો આપની 'તાજી કલમ' આપના પરજ ઘટે છે અમારાપર નહિ.

આર્ય સમાજ સ્થાપિત થઇ ગયો છે પ્રતિદિન વ્યાખ્યાનોમાં લોકોની અભિરૂચિ વધી રહી છે તેથી અમે તો શાન્ત નિશ્ચિંત છીએ

---

* કરમસદના નિવાસી પાટીદારો ઉત્તમ કુળના ગણાય છે તેમ-નામાં પુનર્લગ્નાદિનો પ્રચાર નથી. સ્ત્રી વર્ગ ઉત્તમ પ્રકારથી મર્યાદાનું પાલન કરનાર છે. 'સત્યાર્થ પ્રકાશમાં એક સ્ત્રીને અગ્યાર પતિ કરવાનું કહેવામાં આવ્યું છે' એ વાત પરંપરા દ્વારા જ્યારે સ્ત્રી વર્ગમાં પહોંચી ત્યારે તેમની ધર્મવૃત્તિ ઉશ્કેરાતાં સમાજ તરફથી તેમની પૂર્ણ અરૂચિ પ્રકટી અને કેટલાએક સુજ્ઞ માતા પિતાએ તો પોતાના પુત્રોને તેમાં જતા જ બંધ કર્યા. કેટલાએક ઘરોમાં તો કલહ થયો. ગણ્યા ગાંઠયા પંદર વિશ મનુષ્યો સિવાય સર્વકો તેના તરફ તિરસ્કાર વૃત્તિથી જોતા હતા. સમાજીઓનું સત્ય પણ કંઈ જુદાજ પ્રકારનું લાગે છે !!!

પરન્તુ પોતાના પક્ષના લોકો આર્ય સામાજીક થતા જાય છે તે જોઇને આપનેજ શાસ્ત્રાર્થના નિયમાદિની શીઘ્રતા કરવીજ જોઇએ; પ્રત્યુત આપનો પત્ર આપની શિથિલતા સિદ્ધ કરી રહ્યો છે.

આમ હોવા છતાં પણ આપ અમારી પાસથીજ નિયમ પુછોછો તો આપના પંડિત **ભીમસેન શર્માએ** ખંડવામાં જે લેખી શાસ્ત્રાર્થ કર્યો છે તેના અન્ય નિયમો તો સામાન્યજ છે પરંતુ પ્રથમ પ્રામાણ્યાપ્રામાણ્યના નિમ્ન લેખાનુસાર નિયમ છે.

૧. શાસ્ત્રાર્થમાં ઉભય પક્ષના પંડિતો વેદ, ઉપનિષદ્, ષડ્દર્શન, મનુસ્મૃતિ, ૧૮ પુરાણ તથા શ્રી સ્વામી દયાનંદજીના સત્યાર્થ પ્રકાશાદિ ગ્રંથોનાં પ્રમાણ સ્વપક્ષની પુષ્ટિ તથા પ્રતિપક્ષના ખંડનને માટે લખશે પરંતુ સર્વમાં ઋગાદિ ચાર વેદોનાં પ્રમાણ સર્વોપરિ માનવામાં આવશે.

૨. મધ્યસ્થ સભાપતિ કેવલ સભાની વ્યવસ્થા (મેનેજમેંટ) ચલાવવા માટે ઉભય પક્ષની સંમતિથી નિયત કરવામાં આવશે શાસ્ત્રાર્થ છપાયાથી જનસમાજ (પબ્લીક) નિર્ણય કરી લેશે.

૩. શાસ્ત્રાર્થનો વિષય 'મૂર્તિપૂજા' રહેશે કેમકે ઉભય પક્ષને તેમાં સૌથી અધિક મત ભેદ છે.

કૃપયા એટલી વાત આપ ધ્યાનમાં રાખજો કે એક ગ્રામમાં અડંગા લગાવીને રોટલા ખાતા પડયા રહેનાર મહાત્મા અમે નથી અનેક સ્થાનોમાં ફરીને અમને વૈદિક ધર્મનો પ્રચાર કરવાનો છે અતઃ સંતોષ જનક ઉત્તર નહિ આવવાથી અમોને અન્યત્ર પ્રચારને માટે જવું પડશે અને કાગળીઆં ચિતરવા-

માંજ શાસ્ત્રાર્થ માટે વિલંબ કરવાથી આપની નાસીપાસી મનાશે ઇત્યોમૂશમ્

ભવદીય

बालकृष्ण शर्मा

મહારાણીશંકર શર્મા

સમાજના પંડિતો તરફથી શાસ્ત્રાર્થના પ્રબંધમાંથી છટકવા અનેક બાલાં મારવામાં આવતાં અને રૂબરૂ મળવા માટે અનેક વખત પોતાના વ્યાખ્યાનમાં લાવી મનમાનતી નિંદામાં ઉતરી પડતા છતાં તા. ૮-૧૧-૧૪ના અને તા. ૧૫-૧૧-૧૪ના 'આર્ય પ્રકાશમાં' ગાળાગાળી જેવું ને 'પેટ ભરીને નિંદા' કરવાનો મિથ્યા આક્ષેપ **સ્વામીશ્રી મુકુન્દાશ્રમજી**ને માથે રાખવામાં આવેલ છે ! શાસ્ત્રાર્થના નિયમાદિ નક્કી કરવા અમે એટલાજ માટે રૂબરૂ નહોતા થતા કે તે ગમે તેમ બકવાદ કરી નિયમો કબુલ કર્યા વિનાજ સમય સાધી છટકી જશે. માટે કોઇ પણ પ્રકારથી તેમને લેખી બંધનમાં લાવવાજ આ પ્રબંધ ચલાવ્યો હતો. પરંતુ એમાંએ વૃથા વિતંડા કરી છટકવાનીજ યોજના યોજી. કરમસદસ્થ કેટલોએક ઉપરના ભભકાને જોનારો ઉચ્છરતો વર્ગ તથા ધર્મના પ્રતિબંધોને પાળવામાં જેને પ્રમાદ છે એવા બહુજ થોડા માણસો તેમાં મળ્યા છે. તેમણે એકત્ર થઇ હવન કર્યો ને 'સમાજીતો પ્રથમથી હતાજ' વધારામાં રજીષ્ટર કરી નામો લખ્યાં તેમાં પણ એવી લીલા કરવામાં આવી કે એક બીજાએ પોતાનાં મિત્રોનાં નામ તેમની મરજી વિરૂદ્ધ પણ લખાવી પરાણે જુજ સંખ્યા ઉભી કરી છતાં સમાજના વડાઓ તો 'વિજયી આર્યસમાજ' કહી

વખાણુવા લાગ્યા, પોતાના વિજયની પોતેજ ઘોષણા કરી મોટા બનવાનું કામ સમાજના ઉભય પંડિતોને ઠીક આવડે છે. ઇતર પ્રદેશમાં વસતા મનુષ્યો કરમસદમાં કેવો પ્રકાર બન્યો એ નજરે કયાં જોવાના છે તે તો માત્ર લખ્યું વાંચનારા છે. એમ સમજી સામાજિક પંડિતો લખવામાં બાકી રાખતાજ નથી તેઓની પોલને ન જાણનાર મનુષ્ય તેમના લેખ જોઇને તો જરૂર તેમાં ઝંપલાય એવીજ યોજના કરવામાં બાકી રાખતા નથી. તેમ કરવામાં જુઠ ગમે તેટલું મેળવવું પડે તેની તો કાંઈ હરકતજ નહિ ! આ પણ એક પ્રકારનું પાંડિત્યજ ! ! કહેવાય છે વિદ્વાન છતાં કોઇ કોઇ વાત એવી તુચ્છ દ્રષ્ટિથી લખે છે કે સામાન્ય બુધ્ધિનાં મનુષ્યોને પણ તેમનાં લેખ તરફ સહજે તિરસ્કાર થાય. લાંબી મુદતથી સમાજ અનેક પ્રકારે પ્રખર પ્રયત્ન કરે છે છતાં કોઇ જગ્યાએ વિજય મેળવ્યોજ નથી. એકે શાસ્ત્રાર્થ સંપૂર્ણ કરી હાર જીતનું સ્વરૂપ સ્પષ્ટ થવા દીધુંજ નથી. છતાં આટલી બડાઇ હાંકે છે તો કદિ કોઇ સામાન્ય પંડિત સામે યુકિતવાદમાં આગળ વધી નામનો જય પ્રાપ્ત કર્યો હોય ત્યારે તો સમાજના આગેવાનો અને પંડિતોનો પગજ પૃથ્વી પર ટકે નહિ. પરંતુ " વો દિન કહાં કે મિયાં કે પાંઉમે જૂતિયાં. "

સનાતન ધર્મના પંડિતો સમર્થ છે. તેમની પાસેના વેદ પ્રમાણો પ્રચંડ છે. માટે શાસ્ત્રાર્થમાં તો આપણે ફાવવાનાજ નથી. પરંતુ પ્રતિઃસભા પાસેથી પંડિતોની માગણી કરી તેમને બોલાવ્યા તો તેમનું માન રહે એવી કંઇક ઘટના બનવી જોઇએ. નહિ તો જનસમાજમાં છેક હલકા જણાઇશું એવો વિચાર આવતાં કાંઈ અન્ય માર્ગ ન મળ્યો ત્યારે પ્રથમથીજ પોતાના મતને જે માનનાર હતા તેનાં નામ

લખી સમાજ સ્થાપન કર્યાની બુમ બહાર પાડી જેથી પંડિતોનું પણ માન જળવાય. સમાજીઓને ખૂબી પણ ઠીક આવડે છે!

અમારો જવાબ,

ॐ

तत्सत्परमात्मनेनमः

કરમસદ તા. ૯-૧૧-૧૪.

શ્રીયુત મ. બાલકૃષ્ણશર્મા તથા મહારાણી શંકરશર્મા પંડિતજી.

અમારો તા. ૮-૧૧-૧૪નો જવાબવાંચી આશ્ચર્યચકિત થઇ તેજ તારીખે તેજ સ્થિતિમાં જે પ્રત્યુત્તર આપ્યો છે તે પત્રજ સ્થિતિ સ્પષ્ટ કરે છે.

અમો ગ્રામવાસી બ્રાહ્મણો સામાન્ય બુદ્ધિના હોવાથી આપના જેવા વાચાટ પંડિતો સાથે સરલતાથી વાત ન કરી શકીએ માટેજ મહાત્માની મદદથી આપની સાથે શાસ્ત્રાર્થના સંબંધમાં પ્રબંધ કરવાની લેખી યોજના યોજી છે તદપિ આપને નિયમાદિ રૂબરૂજ નક્કી કરવાનો આગ્રહ હોય અને બંધાઇ જવાની બીકથી લેખી જવાબમાં જોખમ સમજાતું હોય તો સનાતન ધર્મી પંડિતોને બોલાવવામાં આવેલા છે. તે આવેથી આપની ધારણાનુસાર રૂબરૂજ મોકલવામાં આવશે. તમે પોતે પોતાને ગમે તેવા શ્રેષ્ઠ સમજતા હો પણ અમારા મહાત્માની યોગ્યતા તમારી સાથે સમ થઇ શકે તેમ છેજ નહિ

નથી તેઓશ્રીને આ બાબત વાત કરાવવાનું અમોને હાલ ઇષ્ટ લાગતું નથી. અમારા લેખન પ્રકારથી આપને પલાયન સમજાતું હોય તો અમારી સામાન્ય બુદ્ધિ પણ આપની પંડિતાઇ માટે વિચાર કરે !

સભામાં શાસ્ત્રાર્થ માટે યોગ્ય પંડિતોજ આવશે જેને જોતાંજ આપ ઝાંખા પડશો વાક્ચાતુરી ત્યાં કામમાં આવવી કઠિણ પડશે સમાજના અનુયાયિયો સામાન્ય હોઇ મદદ માટે જેમ આપને આવાહન કરી કાર્ય કરી રહ્યા છે તેમ અમે પણ એજ કક્ષાના હોવાથી તેમનાજ રસ્તાના અવલંબી બન્યા છીએ. અમારી જો પૂર્ણ જાગૃતિ હોય તો આપની આ ચેષ્ટાનોજ અત્ર અભાવ હોત. તે ન્યૂનતાને લઇનેજ અમોએ પંડિતોને બોલાવવા નક્કી કર્યું છે પરંચ અમારા પડિતોનો અમૂલ્ય સમય વૃથા ન જાય માટે આપની સાથે સભાના નિયમાદિ પ્રથમતઃ નિયત કરવા આ શ્રેણી ગ્રહણ કરી છે.

કેટલાએક પ્રકારના આંતરિક કુસંપનો લાભ લેઈ ડગમગતા પાયા ઉપર સમાજ સ્થાપન કરી વિજય મેળવ્યાનું માન સ્વતઃજ સ્વીકારી લેતા હોતો તેમ લખતાં તથા બોલતાં આપનાં પાણિ, વાણીને કોઈ ખાળી શકે તેમ નથી પ્રત્યેક સ્થળે શુભાશુભનાંતો ગ્રાહક હોયજ છે તેથી આપના મન્તવ્યને સ્વીકારનાર મળી આવ્યા એથી અભિમાન કરવાની અગત્ય નથી જે દ્રષ્ટિથી આપ અવલોકો છો તે નજરથી નિહાળીએ તો આજ ગ્રામમાં પાદરીનો પણ બંગલો સ્થાપિત છે. પરંચ એટલામાં કંઇ વિજય પરાજય મનાતો નથી. છતાં અભિમાન કરી લખો છો તો તેને શા માટે અટકાવીએ ? આપનું મંતવ્ય કોઈ સ્વીકારે તેની અમારે તકરારજ નથી. અમારી હકીકત જે છે તે આપને પ્રથમથીજ વ્યકત કરવામાં આવેલ છે તેનો

ઢાંકપિછોડો કરવા વાગ્જાળ ફેલાવો તેથી અમારૂં લક્ષ અમે ભૂલવાના નથી. કહેવાતા વિજયનું અભિમાન રાખી પંડિતંમન્ય છતાં આક્ષેપ કરવામાં રોટલા જેવી તુચ્છ બાબતના વિચાર "જે હૃદય વાગ્દેવીનું રમણ સ્થાન છે" તેમાંથીજ ઉદ્દ્ભવે. છે તે જોઇ અમને પણ આશ્ચર્ય લાગે છે કે પંડિતજી આવા હલકા સ્થાનપર શાથી સરી પડે છે? !

સમાજ સ્થાપિત કર્યા પછી અમારી શિથિલતા આપની દૃષ્ટિમાં દેખાતી હોય તો તેને નિવારી શકાય તેમ નથી. બાકી વસ્તુ સ્થિતિ તો જે છે તે સર્વને સ્પષ્ટ દેખાયજ છે. આપનું અંતર એટલું તો ફિક્કેરાયું છે કે અમારા લખાણનો આશય સમજવાને પણ ધૈર્ય ધારી શકતું નથી. હાર્યા ન કહેવાઇએ તેને માટે ગમે તેમ કરી નાસી છુટવા બારીઓજ શોધાય છે!! એક બાજુથી લખાણનો અંત આણવા જણાવો છો ત્યારે બીજી બાજુ પૂછાય છે કંઇ ત્યારે જવાબ જૂદોજ આપની આ લીલાની તો બલિહારીજ!

અમે આપની પાસે આપની માન્યતાનુસાર નિયમો ને મધ્યસ્થનાં નામોની માગણી કરી ત્યારે પંડિત ભીમસેન શર્મા સાથે અન્યસ્થળે થયેલ શાસ્ત્રાર્થના નિયમના કકડા કરી લખી મોકલ્યા જે આપને માન્ય છે કે કેમ તે પણ સ્પષ્ટતા કરી નથી અને મધ્યસ્થનું નામ આપવાની તો ગાબડીજ મારી છે આમ સંતાકૂકડી રમી શું કરશો?

આપ નકામા પડી રહી કદિ રોટલા ખાતા નહિ હો પણ અમોને તો એમ ભાસે છે કે થોડાં કામની ધાંધલ કરી અમે કામ કર્યું એમ બતાવી પગારનાં પડીકાં ઊડાવનાર તો ખરાજ. ધર્મ પ્રચાર કરવો એજ જો કર્ત્તવ્ય હોય તો અત્રે કાંઇ અધર્મ પ્રચાર માટે આપને અડંગા નખાવી આંતરવામાં આવતા નથી છતાં નાસિપાસની

નાલાસી બીજાપર મૂકી તેજ પડદામાં છુપાઇ જવું હોય તો નાં નથી.

અંતઃ પુનઃ જાગૃતિ આપીએ છીએ કે ચિત્તને સ્થિર કરી અમારા પૂછેલા નિયમો ને મધ્યસ્થનાં નામ આપની માન્યતા પ્રમાણે લખી મોકલો. આપે લખી મોકલેલા ત્રણજ નિયમોથી શાસ્ત્રાર્થ કરવા બંધાતા હોતો તે પણ સ્પષ્ટ કરો ને મધ્યસ્થનું નામ આપો. લોક મધ્યસ્થ અમને માન્ય નથી છતાં લોક નિર્માણ નિયત હોય તો પ્રત્યક્ષ છે કે ઉભય પક્ષના અનેક ગ્રંથો લખાયલાજ છે જે વાંચી સમાજ કરતાં સનાતની પક્ષ હજાર ગણો અધાવધિ છે તે રીતે લગભગ ૪૦) વર્ષના પ્રયાસથી પણ આપ પરાસ્તજ છો. શાસ્ત્રાર્થના પ્રસંગ અનેક અનેક ઉભા થયા છે પણ સર્વ સ્થળે અંતમાં તો અખાડાજ કરેલ છે એવા પ્રકારે ઉતાવળને આગળ કરી અત્રે કરવા ઇચ્છા હોય ને જવું હોય તો અમારી ના નથી. इति शम् ॐ

ભવદીય

પાઠેક જેઠારામ બાપુજી.

પંડિતોનો વળતો જવાબ—

ओ३म्

કરમસદ

તા૦ ૯-૧૧-૧૪

શ્રીયુત મ. પાઠક જયેષ્ઠારામ બાપુજી ! નમસ્તે.

આપનો તા૦ ૯-૧૧-૧૪ નો પત્ર મળ્યો તદનુસાર નિવેદન કે નિયમોને નિશ્ચિત કરવામાં પંડિતોનો સમય વ્યર્થ જાય છે એ અમારા લખવાથી આપને જ્ઞાત થયું તે ઠીક થયું. એટલા માટે

અમે આપને સૂચના કરી હતી કે આપ અમારા ઉતારાપર આવો અથવા અમે આપને ત્યાં આવી જઇએ. આ વાત આપને પૂર્વ રૂચિકર નહિ લાગી હવે નિરૂપાય થઇને સ્વીકારવી પડી છે. અસ્તુ. જેમ આપ સમજો છો કે નિયમાદિ નિશ્ચય થઈ ગયા બાદજ પંડતોને બોલાવવા ઠીક છે નહિ તો અત્ર આવ્યા બાદ તેઓનો સમય વ્યર્થ જાય તેમજ અહિંના સામાજિકો પણ સમજે છે કે 'પાઠક જેઠારામ બાપુજી' ની યોગ્યતાનુસાર ચિઠ્ઠીપત્રી કરવા કરાવાવાળા તેઓમાં કઈ છે તો કેવળ શાસ્ત્રાર્થના નિયમાદિ નિશ્ચિત કરવામાં આવે પંડિતોનો સમય વ્યર્થ શા માટે ખોવો જોઇએ?

નિયમાદિ નિશ્ચિત થઇ ગયા બાદ પંડિતોને બોલાવી લેવામાં આવશે પ્રશ્નતો એ છે કે સનાતનધર્મને ડૂબતો જોવા છતાં પણ તેનો ઉધ્ધાર કરવાને માટે આપના પંડિત કે મહાત્મા વિલંબ શા માટે કરે છે? અપિચ આવા સમયપર નહિ તો કયારે તેઓ પોતાનું પાંડિત્ય વ્યય કરશે?

વળી આપ લખો છો કે 'અમારા મહાત્માની યોગ્યતા તમારી સાથે થઇ શકે તેમ છેજ નહિ' એ વાતને તો અમે પણ જાણીએ છીએ કે અમારી સાથ શાસ્ત્રાર્થ કરવાની યોગ્યતા આપના મહાત્મામાં હોત તો આપને બીજા સનાતની પંડિતો બોલાવવાનો પરિશ્રમ ન કરવો પડતે તેમ આમ ગાલે તમાચો મારી મોઢું લાલ દેખાડવાની દાંભિક વૃત્તિ પણ ન ધારણ કરવી પડતે તેના પુરાવા ખાતર જે પડદાપોશી કરનારા મહાત્માની સહાય નીચે નોટીસ લખાય છે તેનુ ગુજરાતી ભાષાનું જ્ઞાન કેટલું છે તે નિમ્ન લિખિત શબ્દોની જોડણી પરથી સિદ્ધ થઇ જાય છે. પછી સંસ્કૃત ભાષા અને તેમા થનારા

શાસ્ત્રાર્થની કથાતો ક્યાં રહી? **શ્રીયુત, ચકિત, અવલંબીય, ગૃહણ આંતરીક, વાકજાળ, પંડિતમન્ય,** ઇત્યાદિ. આપના મહાત્માનો અધિકાર તો અપઠિત ખેડુતોની સમક્ષ બેસીને તાળોટા પીટવાનો છે અમારી સમક્ષ તેની વિદ્યા દેવી પ્રકટ હોવામાં શરમાય છે એટલા માટે આપે સત્યજ લખ્યું છે કે આપના મહાત્માને અમે સમ નહિ પણ વિષમ છીએ.

અહિં આર્યસમાજની સ્થાપના થવાથી આપનો એક પરાભવતો અમે જાણતાજ હતા પણ બીજો પરાભવ આપે પોતે પોતાના પત્રમાં માની લીધો છે આપ લખોછો કે 'આજ ગ્રામમાં પાદરીનો પણ બંગલો સ્થાપિત છે' ઠીકજ છે કે જયારથી આર્યાવર્તના આપ જેવા લોકોએ પોતાનો વૈદિક ધર્મ છોડી દીધો છે ત્યાહથીજ હિન્દુધર્મ (કહેવાતો-સનાતનધર્મ) સર્વ ધર્મેનો શિકાર બની ધોલ ખાઇ રહયો છે અને ઉલટો એવા બંગલા દેખીને લાજતો નથી પણ મિથ્યા ગાજે છે. પણ જેટલી સંખ્યામાં આજ કરમસદમાં હિન્દુ લોકો રહે છે તેના એક ચતુર્થાંશમાં પણ પહેલેથી આર્ય સમાજિક હોતે તો પાદરી મહાશયોને અત્ર ગિરિજાઘર [બંગલો] સ્થાપન કરવાની આવશ્યકતા પ્રતીત ન થાત.

અમારા હિન્દુભાઇઓ પરધર્મીઓના શિકાર ન બને એટલા માટે દયાલુ થઇને આર્ય સમાજનો ઝુંડો આર્યોએ રોપ્યો છે તોપણ આપ આર્યસમાજના કૃતજ્ઞ નથી થતા એ આશ્ચર્ય છે ખંડવામાં પંડિત ભીમસેનજીની સાથે જે આર્યોનો શાસ્ત્રાર્થ થયો હતો તેના નિયમો આપને સંક્ષેપથી લખી મોકલ્યા હતા તે પર આપ લખો છો.—" પંડિત

. ભીમસેન શર્મા સાથે અન્ય સ્થળે થએલ શાસ્ત્રાર્થના નિયમના કકડા કરી લખી મોકલ્યા જે આપને માન્ય છે કે કેમ તે પણ સ્પષ્ટતા કરી નથી." યદિ તે નિયમ અમને ઇષ્ટ નહોતે તો અમે અમારા પત્રમાં શું કરવા લખતે? " પાઠક જેઠારામભાઇ ! પત્ર લખવામાં એક પંડિતંમન્યમાન મહાત્માની સહાયતા લેવા છતાં પણ આવી સ્થૂલ વાતમાં સંદેહ પ્રકટ કરવાથી આપની તથા આપના સહાયકની બુધ્ધિ પરીક્ષા થઇ રહી છે. જો આપના મતના લોકો સંસારમાં અધિક છે એવો આપને પૂર્ણ વિશ્વાસ છે તો એવા લોકોને મધ્યસ્થ રાખવામાં આપને પ્રસન્નતા થવી જોઇએ. યદિ કોઇ અમને કહેકે શાસ્ત્રાર્થમાં મધ્યસ્થ આર્ય સમાજના લોકો રહેશે અને તેઓજ સત્યાસત્યનો નિર્ણય કરી લેશે તો પણ અમે તૈયાર છીએ. આપના લેખથી જ્ઞાત થાય છે કે આપને આપના આવડા મોટા હિન્દુ સમાજનો પણ વિશ્વાસ નથી આથીતો આપે આર્યોથી કઇ ગુણ અધિક હિન્દુ-સમાજની ઉલટી પોલ ખોલી દીધી છે.

અંતમાં આપનાજ કથનાનુસાર શાસ્ત્રાર્થના નિયમો નિશ્ચિત થઇ જવાપર તેમ આપના પંડિતો તથા મધ્યસ્થ આવવાપર અમે પણ કરમસદમાં અવશ્ય સાથેજ ઉપસ્થિત થઇ જશું.

હવે પછીનો પત્રવ્યવહાર અત્રત્ય આર્ય સમાજના મન્ત્રી કે પ્રધાન રાવજીભાઇ વસનભાઇ કે મોતીભાઇ ઉમેદભાઇના નામથી ચલાવશો इतिशम्.

ભવદીય.

बालकृष्ण शर्मा

તથા

મહાશણી શંકર શર્મા.

ગુલ થનારા દીપકનો અંતિમ પ્રકાશ મહાન્ જણાય છે પણ તે એજ ક્ષણુ પછી એકદમ અંધકારનુંજ સામ્રાજ્ય સ્થાપન થાય છે. તેમ સામજિક પંડિતોનો પ્રબળ બતાવતો ઉકત પત્ર પણ છેલ્લોજ છે. શિકારીના સપાટામાં આવેલ સસલો પોતાના કર્ણથી પોતાની આંખો આવૃત કરી માની બેસે છે કે હવે મને કોઇ દેખતું નથી પરંચ એમ કરવાથી કાંઇ તેનો બચાવ થતો નથી. સામાજિક પંડિતોએ પણ પ્રતીકારથી બચવા એજ રસ્તો લીધો તેથી સત્ય છૂપાવાય તેમ છેજ નહિ. વાત સર્વના સમજવામાં સ્પષ્ટ આવી ગઇ કે, " **ખાલી ચણો વાગે ઘણો** " એ કહેવતજ અત્ર અનુકૂલ થઇ પડે છે.

આપણા હિન્દુવર્ગમાં સર્વથી અધિક મહાન્ ખામી એજ છે કે વ્યક્તિમાં ચાલેલી લડાઇ સમષ્ટિમાં પણ ઘુસાડી સર્વના હકમાં નુકશાન કરતાં સુધી પણ કંઇ વિચાર કરી શકતા નથી એક માણસ આગળ પડતો ભાગ લઇ કોઇ સારૂં કાર્ય કરે તો ઇર્ષાગ્નિથી બળનારાઓ એમજ સમજે છે કે ' **અરે ! એ શું યશ ખાટી જાય ? ગમે તેમ કરી તેને પાછો પાડવો** ' આવું અંતઃકરણનું સાંકડાપણુંજ આપણી પડતીનું નિદાન છે. તેને પ્રથમતઃ દુર કરવાની જરૂર છે. કરમસદમાં સમાજ સ્થાપના એવાજ આશયના યોગથી થવા પામી છે. નહિ તો લગભગ સર્વ ગ્રામ સનાતનીજ છે. કુસંપથી સમાજને અવકાશ મળ્યો તેથી પણસમાજીઓ તો ફુલ્યા ફુલ્યા ફરે છે. પરિણામ આવશે ત્યારે સર્વ સમજાશે.

સામાજિક પંડિતોએ કરેલા આક્ષેપોનો યથાર્થ ઉત્તર સમાજના મંત્રીને આપવા અયોગ્ય લાગવાથી તેમને ટુંકમાંજ લખવામાં આવેલ

છે. પરંતું અત્ર સર્વ આક્ષેપોનો ખુલાસો કરી દેવામાં આવે છે. જેથી વાંચનારાઓને સત્ય વાત ધ્યાનમાં ઉતરે.

સમાજના પંડિતો ગાલ બજાવવામાં બહાદુર હોય છે. પોતાની પડતી પરને પ્રતીત ન થાય માટે ગમે તેમ લખ્યાજ કરે છે. 'રૂબરૂ' મળતાં ગમે તેમ ધાંધલ કરી છટકી જશે ને પાછળથી પોતાના વાજિંત્ર ' આર્યપ્રકાશમાં ' સામાન્ય જનોને ભ્રમમાં નાખવા ઇચ્છામાં આવે એવા ગપગોળા ચલાવશે ' એ અવસર ન આવવા દેવા અને સમાજ શાસ્ત્રાર્થ માટે કેટલો ભય રાખે છે તે સર્વને સમજમાં આવે એજ આશયથી અમે પંડિત સાથે લેખિ પત્ર વ્યવહાર ચલાવ્યો છતાં અંત સુધી જવાબ તો નજ આપ્યો અને ' આર્યપ્રકાશમાં ' ગમે તેમ લખી માર્યું પણ ખરૂં.

કાગળીઆ ખરડી સમય વ્યતીત કરવાની ચેષ્ટા થાય છે. સમાજના પંડિતો તરફથી ને આરોપે છે અમારા પર ! જે વાતનો ખુલાસો માગીએ છીએ તે તો આપી શકતો નથી પોલ ખુલ્લી થવાનો ભય લાગે છે એટલે અન્ય આક્ષેપો કરી ગાળાચાળા કરે છે. મિથ્યા ચેષ્ટા કેની છે તે વિચારવાનને તો તુરત સમજાય તેમજ છે.

પંડિતોનો સમય સમાજ પક્ષવાળા વૃથા ગુમાવરાવે છે એ વાત પંડિતજી પોતાના ૯–૧૧–૧૪ ના પત્રમાં જણાવે છે તેમ તેમના લખવાથીજ જ્ઞાત થઇ એવું કાંઇ નથી. માત્ર એમને આત્મશ્લાઘા કરવાની પડેલી મિથ્યા ટેવ છે. બાકી આ વાત તો અમે પ્રથમથીજ જાણતા હતા. કેમકે **ખંભાતમાં મ. ડા. કલ્યાણદાસ** અને સમાજના વેદ. શા. સં. પંડિત **બાલકૃષ્ણશર્મા** બેઉ આવ્યા હતા. જ્યારે મધ્યસ્થની વાત આવી ત્યારે ઉહું કરી ઉઠી ગયા. એ અનુ-

ભવથીજ તમારી દેખાડો કરવાની ત્વરાથી ગભરાઇ અમારા સનાતની પંડિતોને બોલાવવામાં આવેલ નથી. વાંચકો વિચારશો એ પોતે પંડિત છતાં અમારા જેવા સામાન્ય બુદ્ધિના માણસો સાથે શાસ્ત્રાર્થના નિયમ નક્કી કરતાં જે આટલા ડરે છે તે સનાતન ધર્મના પ્રખર પંડિતો પાસે ઉભા પણ શી રીતે રહેશે ? સનાતન ધર્મ સમાજીઓને ડૂબતો દેખાય છે ! એ વાત જો સત્ય હોય તો ડૂબતાથી ડરી આર્યસમાજના પંડિતો નાસતા શા માટે ફરે છે ? અન્યને પાંડિત્ય વ્યય કરવાની સૂચના કરે છે. તો પોતાના પાંડિત્યને પડદામાં શા માટે રાખે છે. ગાજરના પિપી તે કયાં સુધી વાગે ?

અમારા પૂજ્ય મહાત્મા સંન્યાસી છે ને પંડિતો ગૃહસ્થાશ્રમી છે. અમારા યતિ સર્વસ્વનો ત્યાગ કરી કેવળ સનાતન ધર્મને માટેજ પોતાનો દેહ અર્પણ કરી કશાની પણ આશા વગર સત્ય ઉપદેશ કરે છે ને તે પ્રમાણે આચરણ કરે છે ત્યારે સમાજના પંડિતો પગાર લઇ કામ કરે છે. તેમના અંતરમાં પ્રમાણ પ્રાબલ્યથી કોઇ વાત મનાય જાય તો પણ નોકરી તરફ દૃષ્ટિ રાખી મુખેથી બીજું બોલી ચિન્તને વાણીનો વ્યભિચાર વહોરવોજ પડે છે. આ વાતો લક્ષ્યમાં રાખી અમે વિષમતાનું સૂચન કરી એજ જણાવ્યું હતું કે આપની સામે ગૃહી પંડિતોજ આવશે. ત્યારે તેણે તો અર્થમાંથી અનર્થજ ઉભો કર્યો અને કોઈ રીતે ન ફાવ્યા ત્યારે દૃષ્ટિ દોષથી રહી ગએલી ભૂલો કાઢી. પોતાની વિદ્ધત્તાને વખાણવા મચી પડયા ! આપની વિદ્ધત્તા વિશેષ છે એતો ત્યારે સમજાત કે **યતિ શ્રી મુકુન્દાશ્રમજીએ** જે જે વિષયોનું વેદાદિ પ્રમાણોથી મંડન અને તમારા પક્ષનું ખંડન કર્યું તેનો કાંઇક

ઉત્તર આપી સ્વપક્ષનું મંડન કરવા સમર્થ થયા હોત તે સત્તા નથી ત્યારે એમ ગરબડ કરી આગળ પડવા ઇચ્છા રાખો છો તે શી રીતે બનશે ?

કોની વિદ્યાદેવી શરમાય છે તે પણ પ્રત્યક્ષ થઇ ગયું. સ્વસદનને સ્વર્ગ ગણી સ્વામી સેવામાં સાનંદ સમજનાર સતીને બજારમાં દુકાન કાઢી અનેક પતિ (૧૧ પતિ) કરનારી વેશ્યા 'શરમાવાનો' આરોપ ઓઢાડે તેથી કોઈ પણ સમજુ પુરૂષ વેશ્યાને વખાણે ખરો કે ? સનાતન ધર્મની સભામા અપઠિત ખેડુતો બેસે છે એ વાત, અમને એમજ લાગે છે કે આપને સમાજની સભામાં વાઘનાસ્વરને ગમત માની જોવા આવેલા બાલકોએજ કહી હશે કારણ આપ તો કોઇ દિવસ સભામાં આવેલ નથી **मातृ देवाभव पितृ देवोभव।** એ વેદ વચનાનુસાર આપ જેવા **સમર્થ ઉપદેશક**ના પ્રભાવથી તા. ૧૫-૧૧-૧૪ના આર્યપ્રકાશમાં લખેલા પ્રતિષ્ઠિત અને શિક્ષિત પુરૂષો, પોતાનાજ વડીલોને અપઠિત ખેડુતોની ઉપમા આપી સમાચાર આપે તો **" આપનો વેદાનુકુલ ઉપદેશ " " સમાજમાં મળી મેળવેલ વિનય "** તથા **" પ્રતિષ્ઠા અને કેલવણી "** એ સર્વની ઉત્કૃષ્ટતાજ વ્યકત કરે ! ! કેલવણી લેનારાઓના વડીલો કેલવણીની કિંમત સમજતા ન હોત તો ખર્ચ કરી તેમને કેલવતજ શા માટે ? પરંતુ અભિમાન ધારક બુદ્ધિ એ વિચારરૂઢ થઇજ શકતી નથી.

સનાતન ધર્મ સર્વનો શિકાર બની ધોલ ખાઇ રહયો છે. ધોલની વાત તો કોરટે ચડી ચડી કચડાયલા સમાજનાજ અનુભવની છે. સનાતન ધર્મ અનાદિ કાળનો અડગ ઊભો જ છે તેનો કોઇથી કદિ પણ નાશ બને તેમ છેજ નહિ. સમગ્ર સંસાર પ્રકાશ સૂર્યદેવના પ્રકાશને ઢાંકવાનો પ્રયત્ન કરી જગતમાં કીર્તિ મેળવવા મથતા રાહુની

પેઠે " આર્ય સમાજની સ્થાપના રૂપ " આવરણ આગળ કરે તેથી **સનાતન ધર્મરૂપ સૂર્યમાં** અંધકાર છે. એવી આશંકા વિચાર શીલોને કદિ પણ આવવાની નથી. પાદરી મહાશયોએ ગિરિજાઘર (બંગલો) સ્થાપન કર્યું તેથી તેમજ આર્યસમાજ સ્થપાઇ તેથી સનાતન ધર્મનો પરાજય ગણાયજ નહિ. કારણ ધર્મની બાબતમાં આજ્ઞાબદ્ધ અંકુશ છે નહિ તેથી પાંચ પંદર અંત્યજો બંગલામાં અને ભ્રષ્ટતાની છૂટ ઇચ્છતા પાંચ પંદર કહેવાતા કેળવાયલાઓ સમાજમાં મળે તેમાં વિજય શું ? રાજાનો સખત કાયદો હોય તો પણ ચોર ચોરી કરી જાય ને પકડાય નાહ ત્યાં સુધી શીક્ષા ન થાય તેથી એ અભિમાન કરે કે મેં રાજા ઉપર વિજય મેળવ્યો તો શું તે સત્ય વિજય છે !! આપનો વિજય પણ એજ કક્ષાનો છે. સનાતની પંડિતો સામે ઉભા રહી શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો હોત તોજ સત્યવિજય કહેવાત. આતો નામનો વિજય છે.

આર્યસમાજના દયાળુ ઝુંડાની દયમાંતો કશી ખામીજ નથી. વિષય વ્યાપ્ત જમાનાંમાં નિયોગ અને એક સ્ત્રી અગ્યાર પતિ કરી શકે એવો ધોરી રસ્તો ચાલતો કરનાર સમાજજ છે !! સમજુ પુરૂષો જોઈ શકશે કે સમાજ ઇંદ્રિય **નિગ્રહ** જે ધર્મનું અંગ છે. તેને પુષ્ટ કરે છે કે કાપે છે. આવા સમાજના કૃતઘ્ન થવામાં અમને તો દોષજ દેખાય છે.

પંડિત શ્રી ભીમસેનજી સાથે શાસ્ત્રાર્થ સમયે કરેલા નિ-યમો સમાજના પંડિતોને કદાપિ માન્ય હશે. પરંતુ લખવામાં યુક્તિ એવી વાપરી છે કે નીકળવું હોય તો નીકળી જાય. વડોદરા રાજ્યના

મે. દીવાન અમોને માન્ય છે એમ સભામાં સ્પષ્ટ કહ્યા છતાં બીજે દિવસ પટેલ **નૃસિંહભાઈ ગોવિંદભાઈને** પૂછવા મોકલતા ફરી ગયા તે આમાં શું ન કરે ? માટેજ સ્પષ્ટતા કરાવવા સૂચન હતું તેથી અમારી બુધ્ધિ તેઓને સ્થૂલ સમજાતી હોય તો તેમની ખાતર એટલો દોષ અમે વહોરી લઇશું.

સામાજીક પંડિતોના સૂચન પ્રમાણે 'કરમસદ આર્યસમાજ' ના પ્રધાનપર મોકલેલ અમારી નોટીસ—

ૐ

तत्सत्परमात्मनेनमः

કરમસદ તા. ૯-૧૧-૧૪.

શ્રીયુત મ. રાવજીભાઇ વસનભાઈ પ્રધાન

આર્યસમાજ કરમસદ.

સમાજના પંડિતો તરફથી તા૦ ૯-૧૧-૧૪ ના મળેલા જવાબમાં જણાવવામાં આવ્યું છે કે 'સનાતનની પંડિતો પાંડિત્ય વ્યય ક્યારે કરશે ?' એ એમની કેવળ ઉતાવળજ છે સમય આવતાં સર્વ સમજાશે.

મહાત્માની સાથે વિષમતા વ્યકત કરવા ગુજરાતી જ્ઞાનની ન્યૂનતા બતાવી આપના વડીલોને અપઠિત ખેડુતોની ઉપમા આપી. જેમાં સમાજીઓ પણ આવી જાય છે ! તથા દ્રષ્ટિ દોષની લખાનારની ભૂલો બતાવી ઉંચી ટાંગ કરવા પ્રયત્ન કર્યો પરંતુ 'અમલસાડ શાસ્ત્રાર્થ જે ભૂલોનો ભંડર છે તેટલાપરથી સમાજના ગુજરાતી જ્ઞાનનું અનુ-

માન કરીએ તો અમારીજ હલકાઇ વ્યક્ત થાય, કેમકે તેનાં કારણો અમે સમજીએ છીએ સમાજના પંડિતો મોટી બુદ્ધિવાળા એટલે તેમને તે ન દેખાતાં, અને અન્ય ઉપાય ન મળતાં ડૂબતા મનુષ્યની પેઠે તરફડીઆં મારી છટકી જવા આપને આગળ કર્યા. છે તો હવે આશા છે કે આપ સંતોષકારક પ્રત્યુત્તર આપશો.

શાસ્ત્રાર્થનો સમય આવતાં પોલ ન ઉઘડે તે માટે સમય ગાળવા અત્યાર સુધી વાંકુવાંકુજ લખી અંતમાં નાસી છૂટવા કાર્યભાર આપને શિર ભર્યો બુધ્ધિમાન્ છીએ એવા આત્મશ્લાઘાના શબ્દો લખી અન્યના ઉપર અનેક પ્રકારના આક્ષેપો કર્યા. પરંતુ શાન્તિથી જોનારને સમજાશે કે ચચ્ચાર વખત પત્રો ઉથલાવ્યા છતાં પૂછવાનો મર્મજ સમજી શકયા નથી તો પછી જવાબ ક્યાંથી આપે !!

શાસ્ત્રાર્થના સમાજના પંડિતોને માન્ય નિયમો તથા મધ્યસ્થ [તા૦ ૯-૧૧-૧૪ ના લખેલ પત્રમાં મધ્યસ્થ એટલે સભાની વ્યવસ્થા જાળવનાર નહિ પણ પંડિતો જે શાસ્ત્રાર્થ કરે તેનો નિર્ણય કરનાર સમર્થ વિદ્વાન્] નું નામ લખી મોકલવા પ્રારંભથીજ અમારી સૂચના છે જેનો જવાબ અત્યાર સુધી મળ્યો નથી તો હવે આપ તે સ્પષ્ટ લખી સમાજના આવનાર પંડિતોને પણ તે માન્ય રહેશે એવી ખાત્રી આપશો.

આ પત્રનો ઉત્તર સંતોષકારક નહિ આવે ને ભળતોજ જવાબ આવશે તો માત્ર લખાણથી શબ્દ જવનિકાને આડે રાખી નાસી જતા સમાજના પંડિતો પાછળ અમે પણ શબ્દમાર નહિજ ચલાવીએ.

કારણ **પંડિત બાલકૃષ્ણ શર્મા** વિગેરેએ **ખંભાતમાં** પણ નિયમને મધ્યસ્થના નિશ્ચય વગરતેજ વાત તોડી પાડી હતી ઇતિ **शम्**

ભવદીય

પાઠક જેઠારામ બાપુજી.

સમાજના [1]પ્રધાનોનો પ્રત્યુત્તર

ओ३म्

કરમસદ

તા૦ ૧૦-૧૧-૧૪

શ્રીયુત મ. પાઠક જયેષ્ઠારામ બાપુજી! નમસ્તે.

આપનો તા૦ ૧૦-૧૧-૧૪ નો પગ [પત્ર]. મળ્યો વાસ્તવમાં આ પિષ્ટ પેષણ પગ (પત્ર) લખવા પરિશ્રમ લેવાની આપને આવશ્યકતાજ નહોતી. આપને જ્યારે એ અભિમાન છે કે બહુ મોટો હિન્દુસમાજ આપના પક્ષમા છે તો તેનો આપને લાભ દેવાને માટે

---

૧. સમાજના કરમસદસ્થ કેળવાળયલા સામાજિક મંત્રિઓની બુદ્ધિનો યથાર્થ નમુનો તો હવે પછીના ઉત્તરમાં ચમકનાર છે પરંતુ આ પત્ર સત્ય રીતે લખાવનાર તથા ઘટના ઘડી આપનાર સમાજના પંડિતોજ છે માત્ર નીચે સહી પ્રધાનોના નામથી થયેલી છે તેથીજ તેમના તરફથી પ્રત્યુત્તર એમ ગણના કરી છે તા ૮-૧૧-૧૪ ના આર્યપ્રકાશમાં જાહેર કરેલ કેળવાયલા વર્ગમાંથી આ ચુનંદા પ્રધાનો છે કે જેમને પંડિતોએ લખી આપેલ ખરડાની નકલ કરવામાં પણ અક્કલનો ઉપયોગ આવડયો નથી તે પત્રને બદલે પગ ઠપકાર્યું છે. આથી વિશેષ વિદ્યા પ્રભાવ હવે પછીના પત્રમાં જોઈશું !!!

સંપૂર્ણ જનસમુહને નિર્ણય કરવાવાળો મધ્યસ્થ નિમવા અમે કથ્યું છે. પરંતુ આવડી મોટી સ્વાર્થની વાત પણ આપના સમજવામાં ન આવી એ સનાતન હિન્દુ ધર્મનું દુર્ભાગ્ય! હવે અમારો કાંઇ દોષ નથી અમારા પંડિતો શાસ્ગાર્થ (શાસ્ત્રાર્થ) કર્યા વિના આપની પાસ (પાસે) આવીને પરાજ્ય કબુલ કરી લે ત્યારેજ આપને સંતોષ થઇ શકે એમ છે. તે સિવાય બીજો કોઇ માર્ગ આપને સંતોષવા નથી દેખાતો. કારણ કે આપના પડિતો ઉતાવળ કરવામાં પાપ સમજે છે. તે તો જ્યારે આખો હિન્દુસમાજ આર્યસમાજી થઇ જશે ત્યારે કુંભકર્ણની નિંદ્રામાંથી [નિદ્રામાંથી જાગશે, ત્યાં સુધી આપને આશામાંજ બેસી રહેવું પડશે.

અમલસાડાદિના શાસ્ગાર્થમાં (શાસ્ત્રાર્થમાં) છાપવાવાળાની ભૂલ છે. કેમકે પંડિતો ત્યાં સામે હતાજ નહિ તેથી દૃષ્ટિદોષ કહેવાય પરંતુ આપના હસ્તાક્ષરના પગોમાં તો [પત્રોમાં તો] આપના પંડિતમન્ય **મહાત્મા** સહાયકની ભૂલો થઇ છે, તે દ્રષ્ટિદોષ ન કહેવાય પરંતુ ભાષાવ્યાકરણનું અજીર્ણ છે આ વખતે પુશ્કળ ધ્યાન આપવા છતાં પણ **બુદ્ધિમાન** કરી માર્યું. દીનનો શો દોષ ? વાવમાં હોય તો હવાડામાં આવેને ! ન ખોડો કરવામાં બુદ્ધિદોષ લાગી ગયો હશે. શાસ્ગાર્થ [શાસ્ત્રાર્થ] ને માટે જે નિયમો અમે લખ્યા છે તે અમને સ્વીકાર છે. પરંતુ આપને તે કબુલ છે કે નહિ. તેનો આપના આટલા લાંબા પગોમાં [પત્રોમાં] ખુલાસો નથી. **इति शम्**

ભવદીય,

પા. મોતીભાઇ ઉમેદભાઈ તથા રાવજીભાઈ વસનભાઇ.

એક વાત નક્કી કરવા જે જવાબ માગવામાં આવ્યો હતો તેનો ઉત્તર આપવાની અશક્તિ આગળ આવી ન જાય તેને માટે આડું આડું લખી છેવટ તેમાં પણ બુદ્ધિ કુંઠિત થતાં તે ઉહાપોહને 'પિષ્ટપેષણ' ની ઉપમા આપવાની કેળવણી સમાજના કાર્યવાહકોએ ક્યાંથી મેળવી હશે ? જાતેજ ન્યાય કરી નિર્દોષ બનવાની આ બાબત પણ સમાજીઓને ઠીક આવડે છે !! શાસ્ત્રાર્થનો નિર્ણય કરનાર સમર્થ પંડિતનું નામ આપતાંજ સંતોષ થઇ શકે એ સામાન્ય વાંચકોને સહજ લક્ષમાં આવે એવો સરળ માર્ગ છે ત્યારે સમાજના પંડિતો, પ્રધાનો અને અનુયાયિઓને રસ્તોજ દેખાતો નથી તો આવા નેત્રોને માટે ઉપનેત્રો (ચશ્મા) કઇ જાતના જોઇએ તેની તપાસ કરનાર કોઇ ડીગ્રીધારક ડોકટર હશે કે ?

'અમલસાડાદિ શાસ્ત્રાર્થ છાપનારની ભૂલ છે કેમકે પંડિતો ત્યાં સામે હતાજ નહિ તેથી દ્રષ્ટિદોષ કહેવાય' **કોઇ કેળવાયલા અગર વિદ્વાનોને દૃષ્ટિ દોષનો અર્થ ન આવડતો હોય તો, આર્ય સમાજના પંડિતો શ્રીયુત વે. શા. સં. બાલકૃષ્ણશર્મા તથા કવિ મહારાણી શંકરશર્મા તથા કરમસદની આર્ય સમાજના મંત્રીઓ પાસે જવું તેઓ તુરત સમજાવી દેશે!!** દૃષ્ટિ દોષ એટલે વાંચનારની દૃષ્ટિની ચંચળતાથી રહેલ ભૂલ નહિ. **'પરંતુ લખાતી વખત પંડિતો સામે ન હોય તે દ્રષ્ટિ દોષ કહેવાય'** આવું ઉત્તમ સ્વરૂપ કરમસદ સમાજના મહાનુભાવ પ્રધાનોને, કોઇ **વેદમાંથી** મળી આવ્યું છે ? અગર કોઇ **આર્ષગ્રંથોમાં** અવલોકવામાં આવ્યું છે ? વા મહર્ષિ દયાનંદજીએ કોઇ વેદભાષ્યમાં લખી સમજાવ્યું છે ? અથવા હાલના **આર્યમુનિજીએ**

કે **પંડિતવર્ય તુલસીરામજીએ** કોઇ સ્થળે જણાવ્યું છે ? વા **પંડિત શ્રી બાલકૃષ્ણશર્માજીએ** પોતાની વિદ્વત્તામાંથી આપી દીધું છે ? કે **કવિશ્રી મહારાણીશંકરશર્માજીએ** પોતાની પ્રતિભામાંથી પ્રકટ કરી બક્ષિસ કર્યું છે ? તે જો તેઓ જણાવશે તો ઉપકાર થશે. અગર જાતે કેળવાયલા હોવાથી કેલવણીનાજ પ્રતાપે આ અર્થ ઉભો કર્યો હોય તો તો તે મોટા બુદ્ધિમાનજ છે ?

મહાત્માને તો નૂ ખોડો ન કરવામાં બુધ્ધિ દોષ લાગતો પ્રધાનોને પડિતોની પ્રેરણાથી દેખાયો પરંતુ એકથી વધારે વખત પૃચ્છા કર્યા છતાં સમાજના મ. પંડતો કે પ્રધાનો મધ્યસ્થનું નામજ આપતા નથી તેમને કયા પ્રકારનો દોષ લાગે છે તે કાંઇ સમજાવવા લેખિની ઉત્થાન પામશે કે સુતેલીજ રહેશે ?

કરમસદસ્થ સમાજના મંત્રીઓને અમોએ આપેલો ઉત્તર.

કરમસદ તા. ૧૧-૧૧-૧૪

ૐ

तत्सत्परमात्मने नमः

શ્રીયુત મ. મોતીભાઇ ઉમેદભાઇ તથા રાવજીભાઈ વસનભાઇ.

પ્રધાન આર્યસમાજ કરમસદ.

બસ ? સમાજના પંડિતોનું આટલુંજ પ્રબળ? ઘોર ગર્જના કરતા મેઘની આટલીજ વૃષ્ટિ??? શાસ્ત્રાર્થની ઘોષણા કરતા કરતાજ છ, પાંચ ગણી ગયા !!!

અમલસાડના શાસ્ત્રાર્થની ભૂલો ઢાંકવા જે લૂલો બચાવ લખ્યો છે તેથી લોકોમાં ભૂલ દેખાયા વિના રહેશે નહિ. કારણ કે શાસ્ત્રાર્થનો પાછલો ભાગ કેટલોએક સંસ્કૃત છે જેમાં **સનાતની પંડિત છોટુ મહારાજની** સંસ્કૃત ભૂલો કાઢી છે. તેથી ઉઘાડું સમજાય છે કે છપાવનાર સંસ્કૃત ભૂલોની બારીકાઇ સમજી શકે એવો તો હોવોજ જોઈએ તેણે ગુજરાતી ચોથી ચોપડી ભણનાર પણ ભૂલ ન કરે તેવી (મહીનાં થયાં] ભૂલ કરી છે. આ હવાડામાં કયા કૂવાનું પાણી આવ્યું હશે? અનુમાન એજ થાય છે કે બચવાની બારી સમાજના પંડિતોએ બતાવી છે. એક નહિ તો બીજું લ્યો. વેદ ભાષ્યના કર્તા સ્વામી **દયાનંદ સરસ્વતી** એ સંસ્કૃત પ્રથમ પુસ્તકમાં લખ્યું છે કે **गुरुस्यकोभावः** આ મહાન્ ભૂલને હવે શું ઢાંકશો? તેની સાથે ત્રીજું પણ સ્વીકારોકે આપનાજ પત્રમાં કેટલોએક સુધારો કરાવ્યા છતાં **પગ, પાસ, નિંદ્રામાંથી, શાસ્ગાર્થ** વિગેરે અશુદ્ધિ સ્પષ્ટ રહેલી છે તે અમારા અજીર્ણનો વિકારતો નહિ હોય ?? જેમ હો તેમ. આવી તુચ્છ ભૂલોનું ઍવલોકન અયોગ્ય છતાં તમારાજ માર્ગને અનુસરવું પડયું છે.

લોક સમૂહ મધ્યસ્થ માનતા હોતો કરમસદમાંજ સમાજીઓ પરાસ્ત થયા છે. કારણ વિશેષ ભાગે લોકોએ સનાતન ધર્મ માન્ય રાખ્યો છે. **સ્વામી મુકુન્દાશ્રમજીએ** પુનર્લગ્ન, અને નિયોગનું ખંડન તથા મૂર્તિપૂજા ને શ્રાદ્ધ વિગેરેનું પ્રતિપાદન કર્યું જેનો જવાબ સમાજના પંડિતો વિષયવાર આપીજ શકયા નથી તો બીજો ન્યાય કેવો કરાવવો છે? સમાજ સ્થાપન કરી તેથી વિજય માનતા હોતો તેમાં તત્ત્વ નથી કારણ અંદરની ફૂટથી થોડા સમાજ સ્વરૂપ અજ્ઞાન

મનુષ્યો સમાજમાં મળ્યા જેને સમાજના પંડિતોએ પોતાના વ્યાખ્યાનમાં સિંહ બનાવ્યા; પરંતુ કેટલાએક બનાવટી સિંહો સનાતનસિંહની કુદરતી ગર્જનાથી નાસી ગયા !!! છતાં સમાજની આત્મશ્લાઘાની ભૂંગળો કયાંસુધી વગાડશો ? લોક સમૂહનો ઘણો ભાગ સામાન્ય જ્ઞાન ધરાવનાર હોય છે. શાસ્ત્રાર્થના વિષય સૂક્ષ્મ હોવાથી પંડિતોજ સમજી શકે; માટે અમો વિદ્વાન્ મધ્યસ્થ માગીએ છીએ, ત્યારે સમાજ લોકોના અજ્ઞાનનો લાભ લેવા ઇચ્છે છે આ પ્રતારણા સામાન્ય જન સમૂહ શીરીતે સમજી શકે?

સમાજના પંડિતો પાસે પ્રથમતઃ નિયમોને મધ્યસ્થનાં નામો અમોએ માગેલાં છે તે તેમના તરફથી આવે નહિ ત્યાં સુધી અમો અમારી તરફનો ખુલાસો કેવી રીતે કરી શકીએ ?

ઔરંગઝેબના જેવા જૂલમી બાદશાહના સમયમાં પણ સનાતન ધર્મજ વિજય પામ્યો હતો. તેમજ સમાજના ૪૦) વર્ષના પ્રયાસો છતાં અડગ ઉભો છે? સનાતની પંડિતો જાગેજ છે તેના ગ્રંથો લખાયાજ જાય છે. અને કંઇક સમજુ પુરૂષો સમાજી મટી સનાતની થયા છે. "બ્રાહ્મણસર્વસ્વ" માસિક વાંચોતો તુરત સમજાય. પડિતો કબૂલ કરીનેજ ગયા. હવે અમારી પાસે આવવાની શી જરૂર?

સમાજના સંગનો રંગ આપને પણ અડયો ખરો. કારણ મધ્યસ્થ પંડિતનું નામ આ વખત પણ આપી શકયા નથી. ન આપી શકતા હોતો ના પાડો એટલે અંત આવે પિષ્ટ પ્રેષણ થાય છે આપના તરફથી ને કહોછો અમને આ ન્યાય વૃત્તિ કેવી ?

આપના તરફથી આવેલા નિયમોમાંના બે નિયમો અમારા પંડિતો માન્ય કરી શકે તેવા છે પરંચ તે સર્વ વાત આપ તરફથી

મધ્યસ્થનું નામ નક્કી થયા પછીજ લખી શકાય. આ પત્રનો જવાબ નિત્યની પ્રણાલિ પ્રમાણે સાંજ સુધીમાં અમોને અવશ્ય મળવો જોઇએ.કદિ પંડિતોને પૃચ્છાકરી લખવા ઇચ્છા હોય તો તે પણ જણાવશો **इतिशम्**

ભવદીય

પાઠક જેઠારામ બાપુજી

તા૦ ૧૦-૧૧-૧૪નો સમાજ તરફથી ઉત્તર મળ્યો તે વખત તો સામાજિક પંડિતો કરમસદમાં હતા. સાંજની ગાડીમાં તેઓ સિધાવ્યા. તે વખત કરમસદમાંથી આશરે ૩૦ થી ૩૫ મનુષ્યો તેમને પહોંચાડવા સ્ટેશનપર ગયા હતા. પંડિતો પધાર્યા પછી તા૦ ૮-૧૧-૧૪ ના આર્યપ્રકાશમાં લખેલ કેળવાયલો અગર તા૦ ૧૫-૧૧-૧૪ ના આર્યપ્રકાશમાં જણાવેલ પ્રતિષ્ટિત અને શિક્ષિત વર્ગજ અવશેષ રહ્યો. જો કે સમાજના પંડિતો જતી વખત જરૂર તેમને શીખામણ આપીનેજ ગયા હશે પરંતુ 'શેઠની શીખામણ ઝાંપા સુધી' એજ કહેવતાનુસાર બન્યું. કારણ અમારા તરફથી જવાબ શું જશે તે પંડિતો પણ શી રીતે સમજી શકે એટલે પોતાના વર્ગની શ્રેષ્ટતા સમજવાનું મિથ્યાભિમાન ધરાવનાર પડિતો તેમનાપર ભાર મૂકી ચાલ્યા ગયા! એમને એટલો પણ વિચાર ન આવ્યો કે જે વાતનો ખુલાસો આપણ કરી શકતા નથી તે નૂતન સમાજીઓ કેવી રીતે કરશે? એમનો આશયતો નાસી છૂટવાનોજ હતો માટે વિચાર કેમ કરે. એટલે તે તો ગયા હવે શ્રેષ્ટ સુધરેલ વર્ગ રહ્યો તેમની પ્રભાવ યુક્ત વિધા, વિચાર ને જવાબ શકિતનો નમુનો નીચેના પત્રમાં છે જે ઉપર થી વાંચનારાઓ આર્યપ્રકાશના લેખમાં રહેલ સત્યની તૂલના કરશે.

ओ३म (म्)

કરમસદ તા૦ ૧૧-૧૧-૧૪

શ્રીયુત મહાશય જે(જયે)ષ્ઠારામ બાપુજી પાઠક

નમસ્તે

આપના તરફથી તા૦ ૧૧-૧૧-૧૪ ની નોટીસ મળી તેના જવાબમાં જણાવવાનું કે—આપ નોટીસની અંદરજ પંડિતો નાસી ગયા એવી નકામી ઘોર ગર્જનાઓ કરી લોકોને ભરમાવો છો તે આપને યોગ્ય નથી. અમારા પંડિતોએ લખેલા નીયમોનો (નિયમોમાંનો) કયો નિયમ આપને નામંજુર છે તે જણાવશો નીયમો (નિયમો) તથા મુકરર દિવસ નક્કી થયે અમારા પંડિતો શાસ્ત્રાર્થ માટે હાજર રહેશેજ. નોટીસમાં વધારે પિષ્ટપેષણ કરવાની જરૂર નથી इतिशम्

ભવદીય

મોતીભાઇ ઉમેદભાઇ

રાવજીભાઇ વસનભાઇ

અમારો ઉત્તર.

ॐ

तत्सत्तपरमात्मने नमः

કરમસદ તા. ૧૨-૧૧-૧૪

શ્રીયુત મોતીભાઈ ઉમેદભાઈ રાવજીભાઇ વસનભાઇ

પ્રધાન આર્યસમાજ કરમસદ.

આપનો તા૦ ૧૧-૧૧-૧૪ નો જવાબ અવલોકી આશ્ચર્ય ! અમારા ઉત્તરમાં સમાજી પંડિતોનું પલાયન અવલોકતાં આપને અ-

ગ્યોગ્ય ભાસ્યું; ત્યારે પંડિતો અત્રે છે, એમ લખીએ તો અમને સમજાય છે કે, આપને ઠીક લાગે, પરંતુ અસત્યનો આશ્રય કેવી રીતે કરીએ ? માટે નિરૂપાયેજ લખેલ છે.

મધ્યસ્થને નિયમો માટે અમારા તરફથી પ્રથમ સમાજના પંડિતોને અને પાછળથી આપને પૂછવામાં આવેલ છે. જેનો જવાબ આપવામાં પંડિતો, તેમાં પણ **શ્રીયુત બાળકૃષ્ણ શર્મા** જેવાને બંધાઇ જવાને ભય લાગતાં વિતંડા કરી અંતમાં અદ્ધર લટકાવી આપને શિર નાખી ચાલ્યા ગયા. અમે સમજીએજ છીએ કે મધ્યસ્થ (શાસ્ત્રાર્થ કરનાર પંડિતોના મર્મ સમજી સત્યાસત્ય ઠરાવનાર સમર્થ વિદ્વાન) નું નામ આપવામાં સમાજના કહેવાતા પ્રખર પંડિતો પાછા પડયા છે તો આપની શકિત ી બહારનુંજ એ કાર્ય છે. માત્ર પંડિતોએ ખસી જવા આપને ઓડા રૂપેજ આગળ કરવામાં પાંડિત્ય પ્રયોગ કરેલો છે. પરંતુ આપના તા૦ ૧૦-૧૧-૧૪ ના પત્રમાં અમારા મદદગાર મહાત્માનું અજીર્ણ અવલોકવાની આપની શકિતપરથી આપ કાંઇક કરશો એવી આશાથીજ આપની સાથે પત્ર વ્યવહાર રાખવા ધારણા હતી પરંચ જે દીનસ્થિતિ અમારી લખી છે તેજ હાલત આપની હોય એમ આપનો તા૦ ૧૧-૧૧-૧૪ નો પત્ર સ્પષ્ટ કરે છે એટલે હવે વાતનો અંત સમજી ઉપરામ પામીએ છીએ.

આ પત્રનો જવાબ આપવા ઇચ્છા થાય તો સરલ ઉત્તરજ આપશો એટલે અમારો પ્રશ્ન પ્રથમ છે તેનો ઉત્તર આપતાં પહેલાં અમોને કંઇ પણ પૂછવું એ આપનો તથા સમાજનો પરાજયજ જતાવે છે. માટે પ્રત્યુત્તર આપવા શકિત ન હોય તો કૃપયા મૌનજ સેવશો અગર આપને તથા સમાજના પંડિતોને માન્ય હોય તેવા મધ્યસ્થ

(ન્યાય કરનાર પ્રખર પંડિત)નું નામ લખી જણાવશો એટલે અમારા તરફથી શાસ્ત્રાર્થના નિયમોને મધ્યસ્થનું નામ તુરત મોકલવામાં આવશે આથી ભિન્ન જવાબ આપના તરફથી આવશે તો તેને તુચ્છ સમજી કચરાની ટોપલીને સ્વાધીન કરવામાં આવશે. પછી સમાજ પોતાની નિત્યની ટેવ પ્રમાણે વિજયની ઘોષણા કરશે તો તે સન્નિપાતના ચાલાજ ગણાશે इत्योम्

ભવદીય.

પાઠક જેઠારામ બાપુજી.

પ્રધાનોનો પ્રત્યુ-૧૨.

ओ३म [म्]

કરમસદ તા. ૧૨-૧૧-૧૪.

શ્રીયુત મહાશય જે (જયે)ષ્ટારામ બાપુજી પાઠક.

નમસ્તે.

આપનો તા. ૧૨-૧૧-૧૪ નો પ્રત્યુતર (પ્રત્યુત્તર) મળ્યો તેની અંદર આપ મધ્યસ્થનું નામ તથા નિયમો માગો છો તો તે તમને આગળની નોટીસમાં મળ્યા છતાં ફરી ફરી ઉથલાવો છો ત્યાંથીજ અમને એમ સમજાય છે કે આપનું નિશાન કાગળ ખરડવા ઉપરજ છે અસ્તુ.

તેમ છતાં ફરી જણાવીએ છીએ કે તા૦ ૮-૧૧-૧૪ ની અમારા પંડિતોએ આપેલી નોટીસમાં આપેલા નિયમો અમારે કબુલ (કબૂલ) છે અને તેજ અનુસાર આપનાજ સુચવેલા (સૂચવેલા) શ્રીમંત ગાયકવાડ સરકારના દીવાન સાહેબ મધ્યસ્થ તરીકે પણ અમારે કબુલ (કબૂલ) છે.

પંડિતો નાશી ગયા એવી જે ખોટી ગપ ચલાવો છો તે મહેરબાની કરી ઇશ્વરની ખાતર સત્યનો આશ્રય કરી બંધ કરસો (કરશો) અને તમારા સનાતની પંડિતો અહીંઆં આવેથી તાબડતોબ અમારા પડીતો (પંડિતો) પધારશેજ इतिशम [म्]

ભવદીય

મોતીભાઇ ઉમેદભાઇ

તથા

વશનભાઇ રાવજીભાઇ.

એકાદ બે વખત નહિ પણ પાંચ વખત પત્રદ્વારા મધ્યસ્થનું નામ આપવા સૂચના કરવામાં આવી છતાં જવાબ મળ્યોજ નહિ પંડિતો અખાડા કરી ચાલ્યા ગયા અને પ્રધાનો એમનુંજ પકડાવેલું નાકું પરાસ્ત થતાં સુધી મૂકી શકયા નહિ મધ્યસ્થનો અર્થ સમજાવ્યા છતાં તા. ૧૨-૧૪-૧૪ ના પત્રમાં લખે છે કે 'આગળની નોટીસમાં મળ્યા છતાં ફરી ફરી ઉથલાવો છો ત્યાંથીજ અમને એમ સમજાય છે કે આપનું નિશાન કાગળ ખરડવા ઉપરજ છે અસ્તુ' પ્રધાનોનું પણ પાંડિત્ય પ્રૌઢ (ઘરડું) લાગે છે ઉત્તર અપાતો નથી પોતાથી, કાગળો બગાડે છે જાતે, અક્કલનો નમુનો પણ આગળ ધરે છે!!! છતાં નામ બીજાનું આપે છે. ખરેખર! સુસંગ-સત્સંગ-પુષ્કળ કર્યાં છતાં તેની અસર થવાને માટે દીર્ઘ સમયની અપેક્ષા છે અને કુસંગ થોડોજ અલ્પકાળ કરતાં તેની પૂર્ણ અસર લાગી જાય છે. 'સોમણ દૂધમાં સહજ સોમલ પડતાં તે નકામું બને છે' સંગ બળ પણ વિચિત્રજ છે!

પંડિતો મોટી મોટી ખોટી વાતો કરી ચાલ્યા ગયા. શાસ્ત્રાર્થ સંબંધી કાંઇપણ નિર્ણય ન કરી ગયા કે ન પાછલ રહેલાઓ કરી શક્યા. તેમજ અમારા પ્રશ્નનુ સ્વરૂપ મનમાં સ્પષ્ટ સમજ્યા છતાં મનવાણીનો વ્યભિચાર કરી, ઇશ્વર ડરને અળગો ધરી, રતાંધળા જીવરામભટ્ટની પેઠે અનેક પ્રકારની ભૂલો કરતા છતાં જાણપણાનું વૃથાઅભિમાન ધરી, લોકોમાં બડાઇ બતાવવા, પોલન ખુલ્લે માટે જવાબનો ઢોલ વગાડતાજ રહ્યા !! એટલુંજ નહિ પણ "પંડિતો નાશી ગયા" એ અમારી સત્ય વાતને પણ લોકોની દૃષ્ટિમાં અસત્ય બતાવવાનો મિથ્યા આડંબર કરતાજ રહ્યા સમાજીઓનાં આવાં પાખંડોના યશ તે કેટલાક ગાઇએ ??

અમારા તા. ૧૨-૧૧-૧૪ ના અંતિમ પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે '**આપને તથા સમાજના પંડિતોને માન્ય હોય તેવા મધ્યસ્થ (ન્યાય કરનાર પ્રખર પંડિત) નું નામ લખી જણાવશો......આથી ભિન્ન જવાબ આપના તરફથી આવશે તો તેને તુચ્છ સમજી ન્યાયનો ટોપલીને સ્વાધિન કરવામાં આવશે ને પ્રત્યુત્તર આપવામાં આવશે નહિ**' છતાં સમાજના કેળવાયલા પ્રધાનોએ જાણે એ વાંચ્યુંજ નહોય, અગર વાંચ્યા છતાં સમજ્યાજ નહોય, વા પોતાનો કકો ખરો કરવાની ધૂનના નિશામાં ચકચૂર બની ગયા હોય તેમ ઉક્ત શબ્દોને અળગા કરી સામાન્ય લોકોના મનમાં ભ્રાન્તિ ઉત્પન્ન થાય એવો (લંબકર્ણને વ્યાઘ્રાંબરથી આચ્છાદન કરનાર ધોબીની યુક્તિ ત્યાં સુધીજ બીજાને ભયાસ્પદ રહી કે, વૈશાખનંદને પોતાની વાણી વિસ્તારી નહોતી) મિથ્યા જવાબ આપ્યો. જેથી અમારા અંતિમ પત્રમાં કરેલ સૂચન

પ્રમાણે તેમના મિથ્યા પત્રનો ઉત્તર આપ્યો નથી પરંચ લોકો ભૂલાવામાં ન પડે ને સત્ય વાત સમજી શકે તેટલા માટે એક જાહેર ખબર પ્રસિદ્ધ સ્થળે ચોડવામાં આવી હતી જેમાંની હકીકત નીચે પ્રમાણે છે.

ૐ

तत्सत्परमात्मने नमः

જાહેર ખબર.

કરમસદ ગ્રામમાં સમાજના પંડિતો આવ્યા હતા તેમને શાસ્ત્રાર્થ માટે અમોએ એક નોટીસ આપી હતી તત્સંબંધે પત્ર વ્યવહાર વધતાં અમોએ શાસ્ત્રાર્થના નિયમો અને મધ્યસ્થનાં નામોની તેની પાસે માગણી કરી તેમાં શાસ્ત્રાર્થનો નિર્ણય લોકો કરી લેશે અને સભાની વ્યવસ્થા સાંચવનાર તરીકે મધ્યસ્થ વડોદરા રાજ્યના મે. દીવાન સાહેબને તા. ૮-૧૧-૧૪ ના પત્રમાં કબુલ કર્યા. શાસ્ત્રાર્થનું રહસ્ય વિદ્વાનોજ સમજી શકે. સામાન્ય જ્ઞાન ધરાવનાર લોકો સમજી ન શકે માટે અમે મધ્યસ્થ (નિર્ણય કરનાર) વિદ્વાન માગ્યા તેનું નામ આપવાના અખાડા કરી પંડિતો ચાલ્યા ગયા ને પત્રવ્યવહાર અત્રસ્થ સમાજના પ્રધાન સાથે કરવાનું કહી ગયા. તેમણે પણ કાગળો બગાડવાનું કામ ચાલતું રાખ્યું. છેવટ જ્યારે તેમને સ્પષ્ટ લખ્યું કે અમારા પ્રશ્નાનુસાર ઉત્તર નહિ આપો તો તમારા જવાબના પત્રને કચરાની ટોપલીમાં નાખીશું. છતાં તેમણે લોકોને ભૂલાવામાં નાખવા અમારા પ્રશ્નની અપેક્ષાએ જુદો જવાબ આપ્યો તેથી તેનો જવાબ

અમારા તા. ૧૨-૧૧-૧૪ ના પત્રમાં લખ્યા મુજબ આપ્યો નથી અમે કહીએ છીએ તે રીતે સમાજના પંડિતો કે પ્રધાનો માન્ય કરી શકતા નથી તેથી તેમની શાસ્ત્રાર્થ કરવાની અશક્તિ સર્વને સુસ્પષ્ટ છે **इत्योम्** તા. ૧૩-૧૧-૧૪ કરમસદ.

પાઠક જેઠારામ બાપુજી.

છેવટ.

કરમસદ નામક ગ્રામમાં સનાતન ધર્મોપદેશક **યતિમુકુન્દાશ્રમ** અને સમાજના પંડિતો તથા પ્રધાનો વચ્ચે શાસ્ત્રાર્થ સંબધે જે વિચારો પત્રદ્વારા થયા તે (ઉભય પક્ષના) આ પુસ્તકમાં દાખલ કરવામાં આવેલ છે તદ્રુપતરાં સર્વ પ્રકાર ની સ્પષ્ટતા થવા સારૂ વચમાં લાઇનો દોરી કેટલોએક ભાગ ઉમેરવામાં પણ આવેલ છે. સામાન્તિક પંડિતો લોકમાધ્યસ્થથી શાસ્ત્રાર્થ કરવા કબૂલ થાય છે. એ કેવળ તેમની એક પ્રકારની વંચકતાજ છે. લોકમાધ્યસ્થથી નિર્ણય થતો હોય તો નામદાર સરકાર મોટા પગારો આપી ન્યાયાધિશો શા માટે રાખતે? બે વકીલો કાયદાથી લડત અને સાંભળનારા લોકો અમુકનો જય એમ ન્યાય આપી દેત પરંચ એમ બનવુંજ અશક્ય છે. સનાતન ધર્મ અને સમાજ તરફથી ખંડનમંડનના ઘણાં પુસ્તકો લખાયાં તથા ઘણા લોકોએ વાંચ્યાં પણ ખરાં, અને વિચારી જોઇએ તો નિર્ણય પણ કર્યો ખરો કે સમાજપક્ષમાં અધમતાના અંશો વધારે છે તેથી સમાજ કરતાં હજારાગણા લોકો સનાતન પક્ષમાં છે. તેમજ

બીજા પ્રકારથી અવલોકન કરીએ તો સમાજને અનુસરનારા ગણી શકાય તેટલાજ પંડિતો છે ત્યારે સનાતન ધર્મને માન્ય કરનારા સમર્થને અનેક પંડિતો છે એટલે જ્ઞાનદૃષ્ટિથી સારાસાર વિચાર કરનાર વિદ્વાનોનો મત આ તરફજ છે. એમ ઉભય પ્રકારે સમાજ પરાજય પરાયણજ છે. છતાં કાશીની સભા જીતનાર પંડિતંમન્યની પેઠે પોતાની બડાઈની વાતો કરે અથવા ઘરના છાપામાં ગમે તેમ છાપે તેની કોઈ ના કહેતું નથી. બાકી શક્તિ તો સર્વ કોઇએ જાણી લીધી છે.

સમાજ કહે છે કે ગુણકર્મની પરીક્ષાથી અંત્યજાદિકને પણ યજ્ઞોપવિત ધારણ કરાવી શર્માને વર્મા બનાવી આર્યમતની પુષ્ટી કરતાં વેદ ધર્મની ઉન્નતિ થશે. હીરા કરતાં બિલોરી કાચ વધારે ચમકે માટે તેની ગણના કદિ હીરામાં કરીએ તો હાલમાં કોઇ આપણને ના કહે તેમ નથી પરંતુ જ્યારે તેની કિંમત કરાવવા ઝવેરીને સુપ્રત કરીશું ત્યારે તો કાચ તે કાચજ રહેવાનો છે. માટે એ મિથ્યા આગ્રહ નકામો છે. ગમે તેની સાથે ખાવાપીવાથી એક સ્ત્રીને અગ્યાર પતિ કરવાની છૂટ આપવાથી, નિયોગ કરાવવાથી, પુનર્લગ્નને ઉત્તેજન આપવાથી ધર્મની અગર ભારતની ઉન્નતિ ઇચ્છવી એતો આકાશ કુસુમ લેવાની આશા જેવું છે.

સમાજીઓ સહજ પાછા ફરી જુએ તો તુરત સમજાય કે કાંગડી ગુરૂકુળમાં પોતાની માન્યતા પ્રમાણે સર્વ પ્રકારની વ્યવસ્થા રાખી હતી અને ઐક્ય કેલવણી આપતાં છતાં વિદ્યાર્થિઓ જ્યારે વિદ્યાના તત્ત્વને સ્વબુદ્ધિથી સમજ્યા ને સમાજમાં ભૂલ જોવામાં આવી કે તુરત એકનાં બે થઇ ગયાં. જે અદ્યાવધિ વિદ્યમાન છે. આથી સ્પષ્ટ થાય છે કે સમાજમાં પણ કુસંપ છે ને કુસંપ એ અધર્મનો અંશ

છે તેથી સમાજ જેને ધર્મ કહે છે તે યથાર્થ ધર્મ નથીજ. માટે સમાજને પોતાનું ખરૂં છે એવો મિથ્યા આગ્રહજ બંધાયો છે. તેને મનાવવા જ્યાં ત્યાં **સત્યાર્થ પ્રકાશ** જેમાં કેટલીએ વખત ફેરફાર કરવામાં આવ્યા છતાં "**સ્ત્રી પતિને અને પતિ સ્ત્રીને નિયોગ કરવાની છૂટ આપી દે**" "**જો પુરૂષ અત્યંત દુ:ખદાયક હોય તો સ્ત્રીને ઉચિત છે કે એને છોડીને બીજા પુરૂષથી નિયોગ કરીને સંતાનોત્પત્તિ કરી લે**" "**ઇશ્વરને ત્રિકાળદર્શી કહેવું મૂર્ખતાનું કામ છે**" આવી અનેક ભૂલો રહેલી છે તેને સુધાર્યા વિનાજ, આગળ કરી સ્થૂલ બુદ્ધિના મનુષ્યોને ઉલટે માર્ગે દોરે છે ને પાપના ખાડામાં નાંખે છે. સમાજીઓનો ધારોજ છે કે તે જેવો સમય તેવીજ વાતો કરે છે '**કરમસદસ્થ ઉચ્ચ કુળના પાટીદારોને પુનર્લગ્ન પ્રસન્ન નથી**' એવું જાણવામાં આવતાં સમાજના પંડિત પોતાના વ્યાખ્યાનમાં ઘણી વખત બોલી ગએલા કે '**જે સ્ત્રીઓ પોતાનો ધર્મ સંભાળી નિયમમાં રહે તેને માટે સત્યાર્થ પ્રકાશમાં લખેલી પુનર્લગ્નાદિની બાબત લાગુ નથી**" અર્થાત્. જે કામાંધ વિષયલોલુપ હોય જેને ધર્મને નામે અધર્મ આચરવો હોય તેને માટે સત્યાર્થ પ્રકાશમાં લખેલી બાબતો છે !!! પોતાનેજ મુખે પોતાના પક્ષનું ખંડન કરનાર પંડિતજી પોતાના તા૰ ૮-૧૧-૧૪ ના પત્રમાં 'વિજયી આર્યસમાજના પંડિતો' વિશેષણ વાપરી લખે છે એ તે વિજય ? હા. વિ ઉપસર્ગનો અર્થ ઉલટું પણ થાય છે તે રીતે. સ્પષ્ટ કરીએ તો વિ=ઉલટો+જય=જય, નામ ઉલટો જય અર્થાત્ પરાજય સમાજનો સિધ્ધાંત ચિંથરીઆ દેવ જેવો છે. (ગામડાઓમાં કોઇ સ્થળે એકાદ વૃક્ષને જતાં આવતાં

માણુસો ભિન્ન ભિન્ન રંગના ચિંથરાં બાંધે છે તેને ચિંથરીઆ દેવ કહે છે) કોઇ જાતનો નિયમજ ન મળે. આવો પ્રકાર ત્યાં શાસ્ત્રાર્થની વાત કયાં સમાય. એ તો ઘડી હાહો કરી, ભળતાજ ચાર મળી ગયા તો. તેને પ્રમુખ, પ્રધાન, વિગેરે પદ આપી સમાજનું ખોખું ઉભું કરી દેવું ને પછી પોતાને મુખે પોતાના પત્રમાં પોતાનાં યશોગાન કરવાં એમાંજ સમાજનાં કર્ત્તવ્યનું પર્યવસાન છે. તો વિશેષ લખવાથી શું ?

શાસ્ત્રાર્થની વાત તો રહી કાગળમાં ને પંડિતો તો પલાયન કરી ગયા બાદ **યતિ મુકુન્દાશ્રમજી** એ દિવસ અધિક રહયા અને સનાતનીધર્મીઓને સ્પષ્ટતા કરી આપી સર્વ વૃધ્ધો, યુવકો તેમજ બાલકો સ્ત્રી પુરૂષો તમામના અંતઃકરણમાં **સનાતન ધર્મ** સર્વોત્કૃષ્ટ ને સુખનું નિદાન છે એ સજ્જડ છાપ પાડી ત્યાર બાદ તા. ૧૩-૧૧-૧૪ને શુક્રવારને રોજ સાંજની ટ્રેનમાં જવા એ વાગ્યાથીજ મહાદેવના સ્થળમાં પધાર્યા ત્યાં આરંભમાં કરમસદના **સમસ્ત બ્રાહ્મણોએ** તેમનું પૂજન કરી એક શાલ ઓઢાડી તેમજ **ભક્ત ગોવિંદભાઈ લખાભાઈ તથા નૃસિંહભાઇ ગોવિંદભાઇએ** "મુકુંદપટ્ક" નામે એક સ્તોત્ર ગાયું તદુપરાંત બ્રહ્મમંડળના આગેવાનોએ કેટલુંક વ્યાખ્યાન કર્યા બાદ યતિશ્રીનો ઉપકાર માન્યો જે સભામાં બેઠેલા આ બાલ વૃધ્ધોએ તાલીઓના ગગડાટથી વધાવી લીધો. અંતમાં **સ્વામીશ્રી મુકુંન્દાશ્રમજીએ** શાન્તિમંત્ર ભણી તેનો અર્થ કરી **સનાતનધર્મના** વિજય સૂચક એક કાવ્ય કહ્યું જે નીચે ટાંકવામાં આવ્યું છે.

શિખરિણી છંદ.

દયાળુ હે દેવા રહિ શરણ સેવા સહુ કરૂં,
કૃપાની ધારાથી અગમ ભવને હું ઝટ તરૂં.

થઇ સાક્ષી રૂપે સતત સહુ તોડું ભરમને
સદા આ સંસારે વિજય વરજો સદ્ ધરમને

આ પદ્યની અંતિમ લાઇન બોલતાં સમગ્ર સભા તાલી નાદથી ગર્જી રહી હતી. અંતમાં હાર પુષ્પથી તેઓશ્રીનું સન્માન કર્યા બાદ કરમસદના સુપ્રતિષ્ટિત મહાશય ભાઇબાશંકરભાઇ તથા મુખી નાથાભાઇ તેમજ દયા વિગેરે વૃધ્ધ પુરૂષો સમગ્ર બ્રાહ્મણો તથા બીજા સનાતનધર્મીઓ સહ ત્યાંથી ઉઠી બેન્ડના નાદ સાથે તેઓશ્રી સિગ્રામમાં બેઠા સ્ટેનને જતાં રસ્તામાં ઠેક ઠેકાણે માણસોની ઠઠ્ઠ જામેલી લગભગ પંદર સ્થળે માર્ગમાં લોકોએ પુષ્પના હાર તેમજ શ્રીફળ યતિશ્રીને અર્પણ કર્યાં "**બોલો સનાતન ધર્મની જય**" એ નાદ તો વારંવાર થયાજ કરતો હતો. આવા ઉત્તમ સંયોગમાં આશરે ૨૫૦) મનુષ્યો ગ્રામ બહાર આવ્યા તેમાં કેટલાએક વૃદ્ધ પુરૂષો હતા. તેથી સ્વામીશ્રીએ સિગ્રામ ઉભો રખાવી સર્વને પાછા વળવા આજ્ઞા કરી કેટલાએક વૃધ્ધો તો ત્યાંથી પાછા ફર્યા અને અન્ય વૃધ્ધો તથા યુવાનો સર્વ સ્ટેશન પર્યંત આવ્યા છેવટ ટ્રેન આવી અને સ્વામીશ્રીને સેકન્ડકલાસના ડબામાં બેસાડયા, તેઓશ્રીએ સર્વને **સનાતનધર્મ** પાલન કરવાનો પ્રબોધ કર્યો છેવટ તેમના જયઘોષમાં રેલ્વે ચાલી નીકળી તેઓશ્રીના પધાર્યા પછી સર્વ ગૃહસ્થો સનાતન ધર્મની શ્રેષ્ઠતાનું વર્ણન કરતા કરતા પોત પોતાના સ્થાનમાં ગયા ૐ. શાન્તિઃ (૩)

આ બનાવ બની ગયા પછી તા૦ ૧૫-૧૧-૧૪ ના આર્ય પ્રકાશમાં "**કરમસદમાં શાસ્ત્રાર્થની ધાંધલ**" એ મથાળા નીચે સમાજ તરફથી અનેક પ્રકારના ગપોડા મારવામાં આવ્યા છે જેનો

પ્રત્યુત્તર આપતાં નકામો ગ્રંથ વિસ્તાર થાય. ને સમય નકામો જાય એમ સમજી તેને તુચ્છ ગણી ઉપેક્ષાજ કરવામાં આવે છે.

यतिश्री मुकुन्दाश्रमजीए आपेलां व्याख्यानो.

१ सनातन धर्मनी अवनति	४ जगदुत्पत्ति	७ ब्रह्म
२ मनुष्य कर्त्तव्य	५ वर्णाश्रम	८ क्षमा
३ अद्वैत सिद्धान्त	६ जीवेश्वर स्वरुप	९ सत्य
१० गृहस्थना धर्म	११ भक्ति	१२ विद्या १३

ઉક્ત વ્યાખ્યાનો યથાવકાશે છપાવવા ઈચ્છા છે જેથી સનાતન ધર્મના જિજ્ઞાસુઓને ઉત્તમ લાભ થવા સંભવ છે.

ॐ सर्वंब्रह्म.